ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

પ્રેરિત

મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ

આયોજિત

## નવતર પ્રયોગોનો જિલ્લા કક્ષાનો નવમો ઉત્સવ : ૨૦૨૩-૨૪

તા. ૧૮ થી ૨૦ ઓકટોમ્બર-૨૦૨૩

# નૂતન અભિગમ કાર્ય સુગમ

## શિક્ષણમાં નવાચાર










:: સ્થળ ::

**મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ**

મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ, એસ.ટી. સ્ટેશન સામે, ભુજ-કચ્છ

ફોન: ૦૨૮૩૨-૨૨૧૪૯૧/૨૫૨૬૦૪ • E-mail: dietbhuj@gmail.com

# ઈનોવેશન સેલ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ

## ઈનોવેશન પસંદગી વર્કશોપ









## ઈનોવેશન રાઈટ અપ વર્કશોપ











# નૂતન અભિગમ કાર્ય સુગમ

## વર્ષ : ૨૦૨૩-૨૪

## શિક્ષણમાં નવાચાર

GCERT ગાંધીનગર દ્વારા

પ્રેરિત

મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ-કચ્છ

આયોજિત

**નવમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ : ૨૦૨૩-૨૪**

**તા. ૧૮ થી ૨૦ ઓક્ટોબર-૨૦૨૩**

**:: સ્થળ ::**

**મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ**

મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ, એસ.ટી. સ્ટેશન સામે, ભુજ-કચ્છ

ફોનઃ ૦૨૮૩૨-૨૨૧૪૯૧/૨૫૨૬૦૪

E-mail : dietbhuj@gmail.com

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૩-૨૪

:: પ્રેરણા ::

**ડી. એસ. પટેલ**

નિયામકશ્રી,

જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર

:: માર્ગદર્શક ::

**ડૉ.દક્ષાબેન જી. મહેતા**

પ્રાચાર્યશ્રી,

મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ

:: કન્વીનર ::

**ડૉ.બિન્દુ આર. પટેલ**

વ્યાખ્યાતા - IFIC શાખા

જિલ્લા ઈનોવેશન કો-ઓર્ડીનેટર,

મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ

:: સંકલન ::

**કેવલ એચ. સૈયા**

સહાયક વ્યાખ્યાતા, IFIC શાખા

મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ

અને

**ડૉ.અશોકભાઈ પરમાર** - મ.શિ, શ્રી હિતેન ધોળકિયા પ્રા. શાળા ભુજ

**વિજયકુમાર ચૌધરી** - મ.શિ, શ્રી માલીસરાવાંઢ પ્રા. શાળા, રાપર

**શ્રી મિતેશભાઈ પીઠડિયા** - મ.શિ, શ્રી ભુજોડી પ્રા. શાળા ભુજ

**શ્રી ઉત્તમભાઈ મોતા** - મ.શિ, શ્રી ત્રંબૌ પ્રા. શાળા ભુજ

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૩-૨૪

## સંપાદકીય....

વિકાસશીલ અને સમૃદ્ધિ સમાજમાં નવીનીકરણ પોષક માધ્યમ નું કામ કરે છે. ગુજરાત એ અનેક ક્ષેત્રોમાં નવીનીકરણ માટે અગ્રેસર રહ્યું છે. અત્રે નવીનતમ કાર્યકરતાં શિક્ષકોની વિચાર ક્રાંતિ નોંધનીય છે. આ નોંધ મેળવીને તેનું દસ્તાવેજીકરણ એ મહત્વની વાત છે. આવું એક દસ્તાવેજીકરણ કચ્છ જિલ્લાના શિક્ષકોનું થયું છે. નવાચાર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત શિક્ષણની તકોનો વિસ્તાર કરવા માટે નવીનતાઓને પ્રોત્સાહન આપે છે અને આ નવીનીકરણ રાષ્ટ્રના વિકાસ માટે મહત્વપૂર્ણ પરિબળ છે. દેશની પ્રગતિ માટેની ગુરૂચાવી છે.

જિલ્લા કક્ષાએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના ક્ષેત્રમાં નવતર પ્રયોગો કરનાર શિક્ષકોને પ્રોત્સાહન મળે, વર્ગખંડ ગુણવત્તામાં અભિવૃદ્ધિ થાય તેમજ આવા નવતર પ્રયોગો કરતા વધુ ને વધુ શિક્ષકો આગળ આવે તેવા આશયથી જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા દર વર્ષે ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન જિલ્લા અને રાજ્ય કક્ષાએ કરવામાં આવે છે. જેમાં આ વર્ષથી તાલુકા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશાળ પ્રદેશ કચ્છની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિષમતા વચ્ચે કાર્ય કરતા શિક્ષકોના નવતર પ્રયોગને વ્યાપક રીતે શિક્ષણ સાથે જોડાયેલા લોકોની સમક્ષ મુકવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમજ નૂતન પ્રયોગ હાથ ધરનાર તમામ પ્રયોગશીલ શિક્ષકો અભિનંદનને પાત્ર છે. વર્ષ ૨૦૨૩-૨૪ના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં તાલુકા કક્ષાએ યોજાએલ પસંદગી વર્કશોપમાં પસંદગી પામેલ કુલ ૩૯ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થાના શિક્ષકો/વ્યાખ્યાતાઓએ પોતાના પ્રયોગોનો નવોન્મેષ તાલુકા કક્ષાએથી શરૂ કરીને જિલ્લા કક્ષા સુધી પ્રસ્તુત કરેલ છે.

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને ગુજરાત સરકારના સહિયારા પ્રયાસોથી આ નવતર પ્રયોગોને આપની સમક્ષ સંપુટ સ્વરૂપે મુકવાનો આનંદ છે. આ પુસ્તક એ નવતર કાર્યમાં પ્રવૃત્ત શિક્ષકો માટે રાજમાર્ગ બની રહેશે.

**ડૉ. બિન્દુ આર. પટેલ**
ડિસ્ટ્રીકટ ઈનોવેશન કો.ઓર્ડિનેટર,
મહારાણીશ્રી ગંગાબા સાહેબ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ

**ડૉ. દક્ષા જી. મહેતા**
પ્રાચાર્ય,
મહારાણીશ્રી ગંગાબા સાહેબ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ

# અનુક્રમણિકા


| ક્રમ | ઈનોવેટીવ શિક્ષકનું નામ | ઈનોવેશનનો વિષય | શાળા | તાલુકો | પા.નં |
|---|---|---|---|---|---|
| ૧ | ગીરીશકુમાર દેવશીભાઇ પટાટ | Anytime Evaluation | વડવા કાયા પ્રાથમિક શાળા | નખત્રાણા | ૬ |
| ૨ | પ્રવીણકુમાર ભુરાભાઈ મચ્છોયા | ચાલો જોડણી જોઈએ | લાકડીયા કુમાર પ્રાથમિક ગ્રુપ શાળા | ભચાઉ | ૮ |
| ૩ | સુરેશભાઈ ભગવાનભાઈ ચૌધરી | વિદ્યાર્થીઓની સમસ્યાઓનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ | શ્રી સરકારી માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળા, ગાગોદર | રાપર | ૧૦ |
| ૪ | યાસ્મીનબેન એચ. માંજોઠી | Let's Scan & Learn | વડાલા કુમાર શાળા | મુંદ્રા | ૧૨ |
| ૫ | ચીરાગભાઈ વાસુદેવ રાવલ | ધો. ૬ થી ૮ વિજ્ઞાનના આકૃતિવાળા કઠિન પ્રશ્નોની મૉડેલ અને આકૃતિ દ્વારા સમજ | સલાયા શાળા નં ૧ | માંડવી | ૧૪ |
| ૬ | ડાંગી હેતલકુમારી પ્રવિણભાઈ | વાંચન, લેખન ઝડપી બનાવતી પાસાની રમત | પાન્ધ્રો પ્રા.શાળા | લખપત | ૧૬ |
| ૭ | સતિષકુમાર શંભુભાઈ સોડવડીયા | મારી શાળા મને બોલાવતી | સરકારી માધ્યમિક શાળા, મથલ | નખત્રાણા | ૧૮ |
| ૮ | સ્વાતિબહેન એસ. ત્રિવેદી | વાણિજ્યના ગીતો | શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય | ભુજ | ૨૦ |
| ૯ | અનિલકુમાર કોદરભાઈ રાઠોડ | ભારતની ભવ્યતા મારા વર્ગમાં (ડિજિટલ સંગ્રહાલય) | બંધડી પ્રાથમિક શાળા | ભચાઉ | ૨૨ |
| ૧૦ | દિપકકુમાર જેઠાલાલ ચૌહાણ | જ્ઞાનવર્ધક ચાવીઓ | નખત્રાણા કન્યા પ્રા.શાળા | નખત્રાણા | ૨૪ |
| ૧૧ | ધર્મિ અરવિંદકુમાર રાયઠઠ્ઠા | અંગ્રેજી વાચન સરળ વાચન | મોટા કરોડિયા પ્રાથમિક શાળા | અબડાસા | ૨૬ |
| ૧૨ | ધ્રુવિન દિનેશભાઈ કાનાણી | વિજ્ઞાનના ટોપિકની STEM દ્વારા પાયાની સમજૂતી | માતુશ્રી કેસરબે નકાનજી શામજી વિદ્યાસંકુલ | માંડવી | ૨૮ |
| ૧૩ | મંછાબા જયેન્દ્રસિંહ જાડેજા | સ્થાનિક રિસોર્સે દ્વારા ધો ૩ થી ૫ પર્યાવરણ વિષયની અધ્યયન નિષ્પત્તિને સમજાવી | શ્રી મેરાઉ વાડી વિસ્તાર પ્રા.શાળા નં ૨ | માંડવી | ૩૦ |
| ૧૪ | જોઈસ અનુપમભાઈ ક્રિસ્ટી | ચાલો, અંગ્રેજી શીખીએ | અંજાર નગર પાલિકા કન્યા શાળા નં ૨ | અંજાર | ૩૨ |
| ૧૫ | રણજીતભાઈ મંગાભાઈ ચાંડપા | મેથ્સ એકસરસાઈઝ શીટ | નવી કોરીયાણી પ્રાથમિક શાળા | લખપત | ૩૪ |
| ૧૬ | વૈશાલીબેન જે. વાઘેલા | બાળકોમાં શિક્ષણ પ્રત્યે એકાગ્રતાનો વિકાસ | અંજાર નગર પાલિકા શાળાનં ૩ | અંજાર | ૩૬ |
| ૧૭ | દિનેશભાઇ ભાણાભાઈ નાઈ | ૧ થી ૧૦૦ અંકોના ઉપયોગથી ચિત્ર અને ભાષા શિક્ષણ | શ્રી બેલાકુમાર ગ્રુપ શાળા | રાપર | ૩૮ |
| ૧૮ | બાબુભાઈ ગેલાભાઈ મોર | MDM UTENSIL વોશબેસિન | શ્રી માલીસરાવાંઢ પ્રાથમિક શાળા | રાપર | ૪૦ |
| ૧૯ | હિનાબેન રમણલાલ પટેલ | કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓ | શ્રી આડેસર કન્યા પ્રાથમિક શાળા | રાપર | ૪૨ |
| ૨૦ | નરેન્દ્રકુમાર દિલીપભાઇ સોની | મોઇ શાળા મુજે ઘર સુધી આય | કોડકી-૨ પ્રાથમિક શાળા | ભુજ | ૪૪ |
| ૨૧ | હેતલબેન રમણીકલાલ અગ્રાવત | રમતથી રાજી થઈએ | વિથોણ કુમાર પ્રાથમિક શાળા | નખત્રાણા | ૪૬ |
| ૨૨ | સુરેખાબેન મહેન્દ્રસિંહ ઝાલા | MAGIC MODELS FOR BASIC MATHS | ખિરસરા(વિં) પ્રાથમિક શાળા | અબડાસા | ૪૮ |
| ૨૩ | ભૂમીબેન શૈલેષભાઈ ગોર | Let's Follow The Instructions | કારાઘોઘા પ્રાથમિક શાળા | મુંદ્રા | ૫૦ |
| ૨૪ | કાજલ કૌશલ છાયા | સંગીતના સથવારે શિક્ષણ | કૈલાશનગર પ્રાથમિક શાળા | ગાંધીધામ | ૫૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | દિલીપકુમાર ડી. પંડ્યા | આંગળીના ટેરવે ટેક્નોલોજી | નવી સુંદરપુરી કન્યા પ્રા. શાળા | ગાંધીધામ | ૫૪ |
| ૨૬ | અર્પિતાબેન એચ. ગોર | ગણિત વિજ્ઞાનની વીડિયો ગેમ્સ | ભારાસર પ્રાથમિક કન્યા શાળા | ભુજ | ૫૬ |
| ૨૭ | રોહિતભાઈ જસવંતસિંહ બારીઆ | મારા અક્ષર સુંદર અક્ષર | મુધાન પ્રા. શાળા | લખપત | ૫૮ |
| ૨૮ | મેહુલકુમાર મસરીભાઈ વાજા | ગણિત શીખીએ પ્રોજેક્ટરથી રમતાં રમતાં | લુણવા પ્રાથમિક શાળા | ભચાઉ | ૬૦ |
| ૨૯ | છાયાબેન ડી. કાવર | Mind Enhancing Activities | પધ્ધર પ્રાથમિક કન્યાશાળા | ભુજ | ૬૨ |
| ૩૦ | રુકમુદ્દીન આઈ. શેરસીયા | વિજ્ઞાનપ્રવાહ તરફ વિદ્યાર્થીનું સકારાત્મક વલણ | શ્રી સરકારી મા. અને ઉ.માધ્યમિક શાળા | રાપર | ૬૪ |
| ૩૧ | બેલાબેન એચ. ગુજ્જર | હુન્નર દ્વારા સ્થાયીકરણ | જી.આઈ.ડી.સી. ઝુપડપટ્ટી પ્રા. શાળા | ગાંધીધામ | ૬૬ |
| ૩૨ | સોનલબેન વસુભાઇ ડાંગર | ગમ્મત સાથે નકશા | સરકારી માધ્યમિક શાળા, સાપેડા | અંજાર | ૬૮ |
| ૩૩ | સેવંતીલાલ નારણાભાઈ પરમાર | પ્રોત્સાહન અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ | પ્રાગપર-૧ પ્રાથમિક શાળા | મુંદ્રા | ૭૦ |
| ૩૪ | કાર્તિક નીલેશભાઈ કષ્ટા | SCHOOL WITHOUT BAG | સ્વામિનારાયણ ઈંગ્લિશ સ્કૂલ | માંડવી | ૭૨ |
| ૩૫ | ઋતુરાજસિંહ વનરાજસિંહ ઝાલા | FIND OUT OF AREA BY MAGIC OF SHEET | કે. કે. એમ. એસ. ગર્લ્સ હાઇસ્કૂલ | અંજાર | 75 |
| ૩૬ | ડૉ. બ્રીજરાજ રાવલ | Teaching Active Passive Voice Through Games | સારસ્વતમ સંચાલિત શ્રી પ્રેમસુબોધ નવનીત હાઈસ્કુલ | માંડવી | ૭૭ |
| ૩૭ | રમીલાબેન બાલુભાઈ મહિડા | જાતઅનુભવ દ્વારા શિક્ષણ | જખૌ કન્યા પ્રાથમિક શાળા | અબડાસા | ૭૯ |
| ૩૮ | વિરલભાઈ રામણીકલાલ પાદરાઈ | કવિતા હોઠથી વાગી | મીઠા પસવારિયા પ્રાથમિક શાળા | અંજાર | ૮૧ |
| ૩૯ | ડૉ. કેશુભાઈ બી. મોરસાણીયા | ગણિત શિક્ષણમાં નૈતિક આધ્યાત્મિક મૂલ્યોનું સમાયોજન | શેઠ શ્રી એલ.એન.ડી.એલ.એડ્. કોલેજ | મુંદ્રા | ૮૩ |

# ઈનોવેશન ફેસ્ટિવલ અન્વયે જિલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિ વર્ષ : ૨૦૨૩-૨૪

| ક્રમ | સભ્ય નું નામ | હોદ્દો અને સંસ્થા | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | ડૉ.દક્ષા જી. મહેતા | પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ | અધ્યક્ષ |
| ૨ | શ્રી બી. એમ. વાઘેલા | શિક્ષણ નિરીક્ષક (E.I) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજ | સભ્ય |
| ૩ | શ્રી કમલેશભાઈ ખટારિયા | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, તા. માંડવી | સભ્ય |
| ૪ | શ્રી સમીરભાઈ ચંદારાણા | બી.આર.સી. કો.ઓ. શ્રી, તા. મુંદરા | સભ્ય |
| ૫ | ડૉ.બી.આર.પટેલ | લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ અને ડી.આઈ.સી કો.ઓર્ડીનેટર(ઈનોવેશન સેલ) | સભ્ય સચિવ |



**ગીરીશકુમાર દેવશીભાઇ પટાટ**
**મદદનીશ શિક્ષક**
**શ્રી વડવા કાચા પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર : જીયાપર, તા. નખત્રાણા**
**મો. નં. ૯૯૧૩૮૫૩૪૪૪**
E-mail : gdpatatgmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :વ્યક્તિગત**

**૧**

# Anytime Evaluation

## શૈક્ષણિક મૂલ્યાંકન

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** એક વર્ષથી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- મૂલ્યાંકન પ્રક્રિયામાં નિરસતા
- એકમ કસોટીમાં ગેરહાજરી

**હેતુઓ :**

- બાળકો આપમેળે મૂલ્યાંકન કરતા થાય.
- પરીક્ષા આપવામાં ઉત્સાહી બને
- ઉપચારાત્મક કાર્ય ઝડપથી અને સરળતાથી થઈ શકે

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**


બાળકો પરીક્ષા કે એકમ કસોટી જેવા શબ્દોની અભિરુચિ ઓછી જણાય જેનો ડર ઓછો કરવા આ પદ્ધતિ અપનાવી જેમાં મેચ અપ ક્વિઝ ફ્લેશ કાર્ડ, ફાઈન્ડ ધ મેચ, મિસિંગ વર્ડ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.જેમા બાળકોને જોડકા, વર્ગીકરણ,ખઈચ,વ્યાખ્યા લિંક,ગાણિતીક ક્રિયાની લિંક કે ફ્લેશ કાર્ડ વિદ્યાર્થીઓને ફ્રી તાસ અને શાળા છુટે ત્યારે ઘરે લઇ જાય છે અને બીજા દિવસે લઇ આવે છે. જે થી બાળકો પોતાની રીતે મૂલ્યાંકન કરે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- બાળકોએ કરેલ પ્રવૃત્તિ દ્વારા
- ફ્લેશ કાર્ડ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

આ નવતર પ્રયોગ પૂર્વે બાળકોમાં મૂલ્યાંકન પદ્ધતિમાં રસ ઓછો દાખવતા હતા અને શનિવારે પણ એકમ કસોટીમાં બાળકો ગેરહાજર રહેતા હતા. આ પ્રયોગ પહેલા એકમ કસોટીમા ધોરણ ૬ થી ૮ ના ૮૩ બાળકો માથી ૭૫% હાજરી હતી જે હવે ૯૩% છે.




**નવતર પ્રયોગની ઉપયોગિતાઃ**

આ નવતર પ્રયોગ કોઈપણ ઉંમર વર્ષના બાળકો માટે લાગુ કરી શકાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણઃ**

આ નવતર પ્રયોગને ક્લસ્ટરની વડવા ભોપા પ્રા. શાળામા લાગુ કરેલ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડઃ**




**પ્રવીણકુમાર ભુરાભાઈ મચ્છોયા**
મુખ્ય શિક્ષક
લાકડિયા કુમાર પ્રાથમિક ગ્રુપ શાળા
ક્લસ્ટર : લાકડિયા, તા. ભચાઉ
મો. નં. ૯૯૦૯૫૦૫૦૧૧
E-mail : machchhoyapgmail.com


૨

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

# 'ચાલો જોડણી જોઈએ'

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ, વિષયવસ્તુ પેડાગોજી આધારિત**

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :-** વર્ષઃ ૨૦૨૩ માસઃ ઑગસ્ટ

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

વિદ્યાર્થીઓના લેખનમાં જોવા મળતા જોડણીદોષ.

- લેખનમાં વિદ્યાર્થીઓ વારંવાર જોડણી ભૂલો કરે છે.
- જાહેર લખાણોમાં પણ જોડણી દોષ જોવા મળે છે.
- દૈનિક સમાચારપત્રોના વાંચન પ્રત્યે રસનો અભાવ.
- જૂથમાં કામ કરવાના અનુભવનો અભાવ.

**હેતુઓ :**

- માતૃભાષામાં વિદ્યાર્થીઓ શુદ્ધ જોડણી સાથે લેખન કરતા થાય.
- જાહેર લખાણોમાં જોવા મળતા જોડણીદોષ ઓળખે અર્થ સમજે.
- દૈનિક સમાચાર પત્રોમાં આવતા શબ્દોની જોડણીઓ જૂએ,વાંચન રસ વધે.
- જૂથમાં કામ કરવાનો અનુભવ મેળવે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

આ પ્રયોગ અંતર્ગત લાકડિયા કુમાર શાળાના વિદ્યાર્થીઓ જાહેર સ્થળો પર લખેલ લખાણ વાંચે,નોંધ કરે તથા તેને શબ્દકોશ સાથે જોડે અને જોડણી પ્રત્યે જાગૃત બને એવા ઉમદા હેતુ સાથે એક સંશોધન હાથ ધરવામાં આવ્યું. જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. વિદ્યાર્થીઓ જાહેર સ્થળો પર લખેલ લખાણ શબ્દકોશ વડે તપાસે છે, સાચી જોડણી લખેલ હોય તેવા દુકાનદારોને પોસ્ટકાર્ડ લખી અભિનંદન પાઠવે છે. જો જોડણી યોગ્ય ન હોય તો સાચી જોડણી લખી જણાવે છે. આ રીતે ત્રણ મહિના સુધી વિવિધ ટીમો દ્વારા કામ કરવામાં આવ્યું. ત્યારબાદ એની બીજી કડી શરૂ કરવામાં આવી.


જેમાં પ્રખ્યાત દૈનિક સમાચારપત્રોમાં છપાતા રોજના અનેક શબ્દોમાં રહેલી શુદ્ધ-અશુદ્ધ જોડણીઓ નોંધી, તપાસી ઓછી ભૂલો હોય તેવા દૈનિક સમાચારપત્રોને દર સપ્તાહે વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટકાર્ડ લખી અભિનંદન આપવામાં આવ્યા. ૧૧ ટીમ દ્વારા ૮ મણકામાં ૪૪૦૦ શબ્દો નોંધી તેમાંથી ૨૬૬ જોડણીદોષ શોધીને નિવારવામાં આવ્યા. દર રવિવારે એ સંખ્યામાં વધારો થતો રહ્યો છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- ➡ શુદ્ધ-અશુદ્ધ જોડણીવાળા લખાણો અલગ તારવીને.
- ➡ વિદ્યાર્થીઓએ લખેલા પત્રો દ્વારા.
- ➡ જોડણી અંગે લેખિત મૂલ્યાંકન કસોટી દ્વારા.

**નવતર પ્રયોગનું પરિણામ :**

| જોડણી ટેસ્ટના વિદ્યાર્થીઓના ગુણની ટકાવારી | |
|---|---|
| પ્રયોગ પૂર્વે સાચી જોડણી કરતા વિદ્યાર્થીઓના ગુણની ટકાવારી | પ્રયોગ પછી સાચી જોડણી કરતા વિદ્યાર્થીઓના ગુણની ટકાવારી |
| 28.67 | 51.53 |




| જોડણી ટેસ્ટના વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|
| ગુણ | પ્રયોગ પૂર્વે સાચી જોડણી કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રયોગ પછી સાચી જોડણી કરતા વિદ્યાર્થીઓની સંખ્યા |
| 40TO 50 | 0% | 23% |
| 30TO 39 | 17% | 45% |
| 20 TO 29 | 27% | 18% |
| 10 TO 19 | 33% | 5% |
| 0 TO 9 | 23% | 8% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા:**

- ➡ જે શાળામાં ગુજરાતી ભાષામાં જોડણીદોષ વધુ જોવા મળે છે, તેવી શાળાના વિદ્યાર્થીઓ માટે આ પ્રયોગ ખૂબ જ ઉપયોગી છે.
- ➡ ગુજરાતી ભાષા સિવાય હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં પણ આ ઈનોવેશન લાગુ પાડી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ:**

રાજ્યની તમામ શાળાઓમાં આ પ્રયોગ વિસ્તારી શકાય. ભચાઉ તાલુકા સિવાય કચ્છ જિલ્લાના માંડવી તાલુકાની ગઢશીશા કન્યા શાળા, મુન્દ્રા તાલુકાની કમંઢપુર પ્રા. શાળામાં આ નવતર પ્રયોગ ચાલુ કરેલ છે.જૂનાગઢ જિલ્લાની કન્યા શાળા નંબર- ૪, ખેડા જિલ્લાની ડુંગરીટીંબા લાટ પ્રા. શાળાએ આ પ્રયોગ અમલમાં મૂકેલ છે.

**નવતર પ્રયોગ અંગેના QR કોડ:**



3

**સુરેશભાઈ બી. ચૌધરી**
શિક્ષણ સહાયક
શ્રી સરકારી મા.અને ઉ.માધ્યમિક શાળા, ગાગોદર
ક્લસ્ટર : ગાગોદર, તા. રાપર
મો.નં. ૭૬૦૦૪૯૨૫૪૨
E-mail : sureshchaudhary760080@gmail.com
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :વ્યક્તિગત

## વિદ્યાર્થીઓની સમસ્યાઓનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ

### અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૧ ઑગસ્ટ ૨૦૨૩ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- વિદ્યાર્થીઓની શાળામાં અનિયમિતતા.
- વિદ્યાર્થીઓમાં શિસ્ત બાબતની સમસ્યા.
- વિદ્યાર્થીઓનો શિક્ષકો તથા અન્ય વિદ્યાર્થીઓ પ્રત્યે અયોગ્ય વ્યવહાર.
- વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા તેમના વ્યવહાર બાબતે અને વ્યસન બાબતે રજૂઆતો.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત હાજર રહે.
- વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્ત કેળવાય.
- વિદ્યાર્થીઓ શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક સહભાગી થાય અને તેમનામાં નેતૃત્વશક્તિ વિકસે.
- વિદ્યાર્થીઓ શાળામાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે યોગ્ય વ્યવહાર કરતા થાય.
- વિદ્યાર્થીઓ કુટુંબ, સમાજ, ગામમાં એક સુસંવાદી વ્યવહાર કરનાર વ્યક્તિ બને અને વ્યસનમાંથી મુક્ત થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

વર્ગખંડમાં અધ્યાપન કાર્ય કરાવવાની સાથે ૧૧ વિદ્યાર્થીઓ નિયમિતતા, શિસ્ત બાબતે તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે વ્યવહાર બાબતે ખામી ધરાવે છે એ અનુભવ્યું.

આ વિદ્યાર્થીઓ તરુણ હોવાથી આ સમસ્યા કોઈપણ સજાના ભય કે દબાણ વિના પ્રેમપૂર્વક દૂર કરી સારા વિદ્યાર્થી બનાવવાનું નક્કી કર્યું. સમસ્યા ઉદ્ભવવા પાછળનાં કારણો તપાસ્યાં. વર્ગખંડના અન્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, તેના પરિવારના સભ્યો પાસેથી માહિતી એકઠી કરી. ત્યારબાદ આ કાર્ય માટે કાર્યયોજના તૈયાર કરી ૧, ઑગસ્ટથી ૧૨, ઑગસ્ટ ૨૦૨૩ સુધી અમલમાં મૂકી.મિત્ર રૂપે તેમની પાટલી પર સાથે બેસીને તેના ખભે હાથ મૂકીને, વાતચીત કરી પ્રોત્સાહન આપી તેમનામાં આત્મિયતા કેળવી તેમના વર્તનોનું અવલોકન કર્યું. તેમની રુચિ વિશે માહિતી મેળવી. તેમના ઘરની મુલાકાત લઈ સતત સંપર્કમાં રહીને પરિવાર સાથે અસરકારક સબંધો સ્થાપિત કર્યા.અધ્યાપન સાથે લાઇબ્રેરીમાં પુસ્તકો ગોઠવવાં, બગીચાને સુવ્યવસ્થિત કરવો, રમત-ગમ્મત વગેરે સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં સામેલ કર્યા અને તેની જવાબદારીઓ સોંપી. પ્રેરણાત્મક પ્રસંગો અને મહાપુરુષોના જીવનથી પરિચિત કર્યા અને સતત યોગ્ય માર્ગદર્શન કર્યું.

ત્યારબાદ પણ વિદ્યાર્થીઓ અને તેમના વાલીના સંપર્કમાં રહેવાનું નક્કી કર્યું અને તેમની અંદર આવેલા પરિવર્તનથી તેમને માહિતગાર કર્યા. હવે પછી પણ એક સારા વિદ્યાર્થી તરીકે તેઓ બની રહેશે એવી શ્રદ્ધા તેમને જણાવી.


**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થીઓ, તેમના પરિવારના સભ્યો,અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે મૌખિક ચર્ચા દ્વારા, વિદ્યાર્થીઓના વર્તન અને જવાબદારીઓના વહનના આધારે વાર્તનિક અને પ્રવૃત્તિઓ દ્વારા ક્રિયાત્મક રીતે નવતર પ્રયોગનું મૂલ્યાંકન કર્યું.

**નવતર પ્રયોગનું પરિણામ :**

- ➡ વિદ્યાર્થીઓ શિસ્તનું મહત્વ સમજીને સ્વયંશિસ્તનું પાલન કરે છે.
- ➡ વિદ્યાર્થીઓની અભ્યાસની રુચિમાં વધારો થયો છે.
- ➡ વિદ્યાર્થીઓ શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક સહભાગી થાય છે અને નેતૃત્વ પણ કરે છે.
- ➡ વિદ્યાર્થીઓ શિક્ષકો તથા અન્ય વ્યક્તિઓ સાથે યોગ્ય વ્યવહાર કરે છે.
- ➡ વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા જાણવા મળ્યું કે, તે વ્યસનમાંથી મુક્ત થયા છે અને કુટુંબ, સમાજ,ગામમાં એક સુસંવાદી વ્યવહાર કરનાર વ્યક્તિ બની શક્યા છે.એવા પ્રતિભાવો તેમને અન્ય વ્યક્તિઓ પાસેથી પણ પ્રાપ્ત થયા છે.

**વિદ્યાર્થીઓની હાજરીમાં હકારાત્મક તફાવત જોવા મળ્યો.**




**નવતર પ્રયોગની ઉપયોગિતાઃ**

આપણી શાળામાં આવા તરુણ વિદ્યાર્થીઓ આવતા હોય છે તેમનામાં આવી સમસ્યાઓ હોવી સ્વાભાવિક છે. જો તેમને પ્રેમથી અને આત્મિયતાથી યોગ્ય માર્ગદર્શન આપીને જીવનના મૂલ્યોનું મૂલ્ય શિક્ષણ આપીને યોગ્ય રસ્તે દોરવામાં આવે તો તેમની અંદર હકારાત્મક પરિવર્તન લાવીને તેમનું ઉજ્વળ ભવિષ્ય બનાવી શકાય. આવા વિદ્યાર્થીઓ જવાબદારીઓ સ્વીકારનાર હોવાથી વર્ગખંડ, શાળા, કુટુંબ,સમાજને ઉપયોગી બની શકે છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણઃ**

આ પ્રયોગ કોઈ અન્ય ચોક્કસ વિદ્યાર્થી, વિદ્યાર્થીસમૂહ, વર્ગખંડ કેશાળામાં લાગુ પાડી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડઃ**

SCAN ME



**૪**

**યાસ્મીનબેન એચ. માંજોઠી**
મુખ્ય શિક્ષક
શ્રી વડાલા કુમાર શાળા
ક્લસ્ટર : કુન્દ્રોડી, તા. મુંદ્રા
મો. નં. ૯૫૩૭૦૨૬૭૯૫
E-mail : yymanjothi@gmail.com

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# "Let's scan and learn"

## શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૨/૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

જી.સી.ઈ.આર.ટી.નાં પાઠયપુસ્તકોમાં અપાતા QR code તેમજ વિવિધ શૈક્ષણિક QR code વિશેની સમજણનો વિદ્યાર્થીઓમાં અભાવ દેખાયો. તે QR code દ્વારા અભ્યાસ પ્રત્યે અરૂચિ દેખાઈ.

**હેતુઓ :**

- અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સરળ બને.
- ટેકનોલોજીના માધ્યમથી અભ્યાસ માટે વિદ્યાર્થીઓ પ્રેરાય.
- પ્રવૃત્તિમય શૈક્ષણિક પ્રક્રિયાને પ્રોત્સાહન મળે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

સૌ પ્રથમ youtube પર એક ચેનલ બનાવવામાં આવી. પોતે કરેલી વર્ગખંડની વિવિધ પ્રવૃત્તિઓને ચેનલ પર અપલોડ કરી તેની લિંકનો QR code બનાવી તેની soft copy અને hard copy બનાવી સાચવવામાં આવી. શાળામાં તેની ફાઈલ બનાવીને રાખવામાં આવી. તેમાં રહેલ વિવિધ પ્રવૃત્તિઓના QR code નો ઉપયોગ વર્ગખંડમાં શિક્ષણ કરાવતી વખતે કરવામાં આવ્યો. સ્માર્ટ ટીવી પર તેને દેખાડવામાં આવ્યો તથા શાળાની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ઊજવતા વિવિધ કાર્યક્રમોના વીડિયો વગેરે અપલોડ કરવામાં આવ્યા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં બાળકોની ભાગીદારી, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના આધારે તથા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સામેલગીરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ :**

| ધોરણ ૬થી ૮ નાં કુલ બાળકો | પ્રયોગ પૂર્વેની સ્થિતિ | પ્રયોગ પછીની સ્થિતિ |
|---|---|---|
| ૬૦ | ૫૦% | ૯૬% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓના QR code બનાવી તેને સાચવી રાખી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. શાળા સમય બાદ પણ વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે છે. ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણ કરાવવા માટે ઉપયોગી છે. વીડિયો ઉપરાંત વિવિધ ફાઈલો ફોર્મ પ્રશ્નપત્રો રિપોર્ટ પરિપત્રો અને સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓની ફોટોગ્રાફ્સ વાળી pdf ફાઈલો, વગેરેની લિંક બનાવી QR code દ્વારા સાચવી રાખી શકાય છે. કાગળ તથા સમયની બચત થાય છે અને પર્યાવરણનું રક્ષણ થાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

શાળા કક્ષાએ, ક્લસ્ટર કક્ષાએ, તાલુકા, જીલ્લા તથા રાજ્ય કક્ષા સુધી આ પ્રયોગનો વ્યાપ વધારી શકાય છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**

My innovative



**૫**

**ડૉ. ચિરાગભાઈ વાસુદેવ રાવલ**
**મુખ્ય શિક્ષક**
**શ્રી સલાયા ગ્રુપ શાળા ન. ૧**
**ક્લસ્ટર : ગાગોદર, તા. માંડવી**
**મો.નં. ૯૮૨૫૬૨૨૫૧૯**
E-mail : chikuraval19.cr@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# ધો. ૬ થી ૮ વિજ્ઞાનના આકૃતિવાળા કઠિન પ્રશ્નોની મોડેલ અને આકૃતિ દ્વારા સમજ

**શૈક્ષણિક પ્રક્રિયામાં ટેક્નોલોજીનો ઉપયોગ**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :**

ઈ.સ ૨૦૧૪ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

સામાન્ય રીતે વિજ્ઞાન વિષયના મુદ્દાઓ સમજવાં બાળકોને કઠિન લાગતા હતા. જેમાં મુખ્યત્વે  જીવવિજ્ઞાનમાં આવતા આકૃતિવાળા પ્રશ્નો યાદ રહેતા ન હતા.

**હેતુઓ :**

- ધો - ૬ થી ૮ ની વિજ્ઞાનમાં આવતી આકૃત્તિવાળા કઠિન લાગતાં પ્રશ્નો અને મુદ્દાઓને સરળતાથી યાદ કરતાં શીખે.
- સમજી ને યાદ કરેલાં મુદ્દાઓની રજૂઆત કરતાં શીખે.
- પ્રયોગો સમજીને રજૂ કરે અને સમજાવે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

કલાસની સંખ્યા પ્રમાણે ગ્રુપ પાડી દરેકને અલગ પ્રશ્નો આપી તેમા એક બાળક હોશિયાર રહે તે ધ્યાન રાખ્યું. પ્રશ્નોની સમજ આપ્યા બાદ તેમને રજૂઆત માટે કહેવું તેની મોબાઇલથી ક્લીપ ઉતારી. જે અહીં ઉદ્દીપક તરીકે કાર્ય કરે છે અને પ્રક્રિયાનો વેગ વધારે છે. બાળકો તેનાથી રોમાંચક અનુભવ્યા અને ઉત્સાહ વધતાં વધુ ક્લિપો બનાવી. તેમજ વધારે પ્રશ્નો પણ તૈયાર કર્યા. અને આવી રીતે બીજા ગ્રુપમાં પણ સ્પર્ધા થઈ. તેઓએ પણ વધુ પ્રશ્નો તૈયાર કર્યા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- મૌખિક મૂલ્યાંકન (પ્રયોગમાં આવતા મોડેલને અનુરૂપ પ્રશ્નોતરી)
- લેખિત મૂલ્યાંકન

**નવતર પ્રયોગનું પરિણામ :**

- બાળકોમાં આત્મવિશ્વાસ આવતા શાળાના ૭૦ % બાળકો મૌખિક રજૂઆત કરતાં થયા, જેના ફળ સ્વરૂપે અમારી શાળાના બાળકો ૬ વાર રાજ્ય કક્ષાએ અને એક વાર રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગીદારી નોંધાવી.
- એકમ કસોટીમાં આકૃતિવાળા પ્રશ્નોના જવાબ લખવામાં ૯૦ % બાળકોએ સફળતા મેળવી.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ ધોરણ ૬ થી ધોરણ ૮ સુધીની દરેક શાળાના વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

➡ આ પ્રયોગ માત્ર મારી શાળા પૂરતુ જ મર્યાદિત નથી તે મારા કલસ્ટરમાં તેમજ ગુજરાતની અન્ય શાળામાં પણ તેનો અત્યારે ઉપયોગ થાય છે.

➡ અનેક શાળાઓએ આ નવતર પ્રયોગ અંગે પ્રશ્નો પૂછી અને પોતાની શાળામાં લાગુ પાડ્યાં છે.

**નવતર પ્રયોગ અંગેના QR કોડ :**



૬

**હેતલકુમારી પ્રવિણભાઈ ડાંગી**
**મદદનિશ શિક્ષક**
**પાન્ધ્રો પ્રાથમિક શાળા**
**ક્લસ્ટરઃ- પાન્ધ્રો, તા. લખપત**
**મો.નં. ૭૪૩૫૯૫૧૮૩૬**
E-mail : dangih12gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

## વાંચન, લેખન ઝડપી બનાવતી પાસાની રમત

### પ્રજ્ઞા અભિગમ (ધોરણ - ૨)

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૩ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- શીખેલા એકમમાં પડતી મુશ્કેલીઓ
- બાળકોની ભણવા પ્રત્યેની આળસ
- શીખેલા એકમમાં બાળકોમાં રહેલી કચાસના લીધે

**હેતુઓ :**

- ગમ્મત સાથે જ્ઞાન મેળવતા શીખે.
- અભ્યાસમાં રહેલ કચાસ દૂર થાય.
- શીખેલા એકમનું ઝડપથી પુનરાવર્તન થાય.
- વાંચન - લેખનમાં સુધારો થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

ઉનાળુ વેકેશનની લાંબી રજા બાદ શાળામાં આવતા બાળકોમાં ભણવા પ્રત્યે ઉદાસીનતા તથા આળસ જોવા મળી. આથી શીખેલી વિષયવસ્તુના દૃઢીકરણ માટે ધોરણ ૨ માં પ્રજ્ઞાવર્ગના બાળકો માટે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.આ સમગ્ર નવતર પ્રયોગ પાસાની રમત ઉપર હતો. જેમાં બાળકો પાસા નાખી રમતની શરૂઆત કરી. જેમાં ધોરણ ૧ ના ગુજરાતી વિષયના એકમ ૧ થી ૮ સુધીની વિષયવસ્તુ આવરી લેવામાં આવી છે. આ રમત માટે કુલ 5 TLM લેવામાં આવેલ. શરૂઆતમાં બાળક TLM-૧ માં૧ થી ૮ એકમના કાર્ડ પીળા રંગની ટ્રે માંથી વાંચશે ત્યાર બાદ TLM-૨ માં આવેલા એકમના શબ્દો અને વાક્યો વાંચશે પછી બાળક TLM-૩માં આગળ વધતા 'શબ્દવૃક્ષ' માં આપેલા શબ્દો વાંચશે પછી TLM-૪ માં એકમ મુજબ આપેલી રેલગાડીની રમત રમશે અને TLM-૫ માં શિક્ષક બાળકોને વાંચન-લેખનના દૃઢીકરણ માટે શ્રુતલેખન કરાવશે. આ રીતે સમગ્ર રમત પૂર્ણ થશે. જે બાળક પહેલા આ રમત પૂર્ણ કરશે તે વિજેતા બનશે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ રમતના અંતે દરેક બાળકને મૂલ્યાંકન માટેનું પેપર આપવામાં આવ્યું. જેમાં બાળકો વાક્યો વાંચીને લખ્યા ત્યાર બાદ શિક્ષક બાળકોને ફકરાનું શ્રુતલેખન કરાવ્યું. આ રીતે મૂલ્યાંકન કાર્ય થયુ. ORF દ્વારા વાંચનની ઝડપ નક્કી થઇ.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| પૂર્વેની સ્થિતિ | | | | મળેલ પરિણામ | | | |
|---|---|---|---|---|---|---|---|
| વર્ગ | કુલ બાળકો | વાંચન લેખનમાં બાળકોની સ્થિતિ | ટકાવારી | વર્ગ | કુલ બાળકો | વાંચન લેખનમાં બાળકોની સ્થિતિ | ટકાવારી |
| A | 30 | 13 | 43.33% | A | 30 | 23 | 76.66% |
| B | 29 | 18 | 60% | B | 29 | 24 | 85.9% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

પ્રજ્ઞા વર્ગના ધોરણ ૨ ના બાળકોના ગુજરાતી વિષયમાં આ પ્રયોગ ઉપયોગી નીવડશે આ ઉપરાંત FLN માં રહેલ બાળકો પણ આ નવતર પ્રયોગના ઉપયોગથી વાંચન,લેખનમાં ઝડપ આવશે અને દૃઢીકરણ લાવવા ઉપયોગી બનશે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ હાલ મારી શાળાના બાળકો સુધી જ કાર્યરત છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**

Scan me!



## ૭

**સતિષકુમાર શંભુભાઈ સોડવડીયા**
**શિક્ષણ સહાયક**
**શ્રી સરકારી માધ્યમિક શાળા મથલ**
**ક્લસ્ટર : મથલ, તા. નખત્રાણા**
**મો.નં. ૯૯૧૩૩૫૭૫૭૭**
E-mail : satishsodvadiya@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# મારી શાળા મને બોલાવતી

## ડ્રોપ આઉટ અને સ્થાયીકરણ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- ➡ શાળામાં બાળકો અનિયમિત હતાં અને ડ્રોપ આઉટ રેશિયો વધુ જોવા મળ્યો.
- ➡ વિદ્યાર્થીઓની શૈક્ષણિક કાર્યમાં નીરસતા વધુ જોવા મળી.
- ➡ વિદ્યાર્થીઓમાં પાયાનું જ્ઞાન ઓછું જોવા મળ્યું.

**હેતુઓ :**

- ➡ નવા પ્રવેશ થયેલ વિદ્યાર્થીઓ શાળામાં સ્થાયી રહે.
- ➡ તેઓ શૈક્ષણિક કાર્યમાં સક્રિય રીતે ભાગ લઈને પોતાના જ્ઞાનમાં વધારો કરે.
- ➡ બાળકોમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

ઉપરોક્ત સમસ્યા નિવારવા અને હેતુઓ સિદ્ધ કરવા વિદ્યાર્થીઓમાં ૧૦ જૂથ બનાવવામાં આવ્યા હતા. તેઓની વચ્ચે જૂથ ભાવનાનો હેતુ સિદ્ધ કરવા દરરોજ અવનવા ટાસ્ક નક્કી કર્યા. સાથે જ સ્પર્ધાત્મક વાતાવરણ, સમસ્યા ઉકેલ, આંતરસૂઝ, કલ્પનાશક્તિ, નિર્ણયશક્તિ, તર્કશક્તિ તથા અવલોકન શક્તિઓ ખીલે તે હેતુસર વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં TLM દ્વારા શિક્ષણકાર્ય, વિવિધ ગેમ્સ દ્વારા મૂલ્યાંકન, વિવિધ પ્રયુક્તિથી શિક્ષણ કાર્ય, ૩-D મૉડેલ દ્વારા કાર્ય વહેંચણી, સ્કોર બોર્ડના આધારે સ્પર્ધાત્મક વાતાવરણ અને પ્રોજેક્ટ કાર્ય વગેરેનો સમાવેશ થયો હતો. આ સિવાય દરેક ટીમ દ્વારા ૧૦૦ સ્ક્વેર ફૂટમાં ખેતી, ગણિત-વિજ્ઞાન પ્રયોગોનું સ્વનિદર્શન અને પ્રિય વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન વગેરે કાર્ય થયું હતું. આ તમામ પ્રવૃતિના આધારે તેઓના પોઈન્ટ ટેબલ તૈયાર કરીને તેઓને પ્રોત્સાહિત કર્યા હતા.


**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન વર્તણુક તથા પોઈન્ટ ટેબલના આધારે

**નવતર પ્રયોગનું પરિણામઃ**

નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિઃ

- ➡ સરાસરી હાજરી ૭૫.૫૮ % ડ્રોપ આઉટ :- ૧૭ % (વર્ષઃ૨૦૨૧-૨૨)
- ➡ સરાસરી હાજરી ૭૧.૫૭ % ડ્રોપ આઉટ :- ૩૧ % (વર્ષઃ૨૦૨૨-૨૩)
- ➡ સરાસરી હાજરી ૮૮.૧૯ % ડ્રોપ આઉટ :- ૫ % (વર્ષઃ૨૦૨૩-૨૪ )




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે જ્યાં બાળકો અનિયમિત છે તથા ડ્રોપ આઉટની સમસ્યા વધારે છે ત્યાં આ પ્રયોગ લાગુ કરી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ પ્રયોગ મથલ કલસ્ટરની અન્ય ૪ શાળાઓ તથા તાલુકાની ૭ અને અન્ય જિલ્લાની ૩ શાળાઓમાં આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૮

**સ્વાતિબહેન એસ. ત્રિવેદી**
**મદદનીશ શિક્ષક**
**શ્રી માતૃછાયા કન્યાવિદ્યાલય**
**ક્લસ્ટર : ભુજ ૩, તા. ભુજ**
**મો.નં. ૯૭૨૬૩૫૮૫૮૫**
E-mail : swativtrivedi24@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# વાણિજ્યના ગીતો

## વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ : જૂન ૨૦૨૨-૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- વિદ્યાર્થીઓમાં વાણિજ્ય વિષયમાં જોવા મળતી અરુચિ.
- વિદ્યાર્થીઓને વાણિજ્ય વિષયના વાંચનમાં આવતો કંટાળો
- વાણિજ્ય વિષયની પરીક્ષા સમયે પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓના એક પ્રશ્નના જવાબ બીજા પ્રશ્નમાં લખાઈ જવા
- વાણિજ્ય વિષયનું પરિણામ નબળું આવવું

**હેતુઓ :**

- વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયને વિદ્યાર્થીઓનો પસંદગીનો વિષય બનાવવો
- વાણિજ્ય વિષયમાં રસ-રુચિ વધારવી.
- વાણિજ્ય વિષયની પરીક્ષા સમયે પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓને એક પ્રશ્નના જવાબ બીજા પ્રશ્નમાં ન લખાઈ જાય તે માટે તૈયાર કરવા
- વાણિજ્યનું પરિણામ ઊંચું લાવવું


**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

વાણિજ્યની સંકલ્પનાઓને વિદ્યાર્થીઓ અને શિક્ષક દ્વારા ગીત સ્વરૂપે રચવામાં આવ્યા.
વાણિજ્યના રચાયેલા ગીતોનું રેકોર્ડીંગ કરવામાં આવ્યું.
વિદ્યાર્થીઓ વાણિજ્યના ગીતોનું પુનરાવર્તન સરળતાથી કરી શકે તે માટે પ્રકરણની શરૂઆતમાં જ તેનો QR કોડ પાઠ્યપુસ્તકમાં લગાવવામાં આવ્યા.
શાળા સમયપત્રક મુજબ વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલનના તાસની છેલ્લી પાંચ મિનિટ વાણિજ્યના ગીતો ગવડાવ્યા.
વાણિજ્યના ગીતોને શાળાની યુટ્યુબ ચેનલ પર મુકવામાં આવ્યા જેથી તમામ વિદ્યાર્થીઓ પણ તેનો લાભ લઇ શકે.


**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થીઓનું મૌખિક તથા લેખિત કસોટીઓ દ્વારા મૂલ્યાંકન કાર્ય કરવામાં આવ્યું.

## નવતર પ્રયોગનું પરિણામઃ




પ્રયોગ પહેલાની સ્થિતિ




પ્રયોગ પછીની સ્થિતિ

## નવતર પ્રયોગની ઉપયોગિતા :

આ પ્રકારના પ્રયોગ બીજા સૈદ્ધાંતિક વિષયમાં પણ કરી શકાય છે. જેમ કે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે કોઈ પણ રાજ્ય કે જિલ્લો આ રીતે ગીતો તૈયાર કરી વિષયને રસપ્રદ બનાવી શકે છે.

## નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :

હાલમાં આ પ્રયોગના વીડિયો રાજ્યની વિવિધ શાળાઓ સુધી પહોંચાડવામાં આવ્યા છે.
રાજકોટ-૧, આણંદ-૧ અને વિસનગરની-૧ શાળામાંથી હકારાત્મક પ્રતિભાવો મળ્યા છે.
વદ્યાર્થીઓ દ્વારા સોશિયલ મીડિયા પર વાણિજ્યના ગીતોની પોસ્ટ વહેતી થયેલ છે.

## નવતર પ્રયોગ અંગેના QR કોડ :

ધોરણ ૧૧

ધોરણ ૧૨



૯


**અનિલકુમાર કોદરભાઈ રાઠોડ**
**મુખ્ય શિક્ષક**
**શ્રી બંધડી પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર : ખારોઈ, તા. ભચાઉ**
**મો.નં. ૯૯૭૮૦૫૯૩૯૧**
E-mail : akrpar@gmail.com


**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# ભારતની ભવ્યતા મારા વર્ગમાં ( ડિજિટલ સંગ્રહાલય )

**સાંપ્રત વિષયો**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૨

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- બંધડી પ્રાથમિક શાળાનાં બાળકોમાં ભારતનાં સ્થાપત્યો અને ભવ્ય વારસા વિશેની માહિતીનો અભાવ જોવા મળ્યો.
- સ્થાપત્યોની મૌખિક સમજથી બાળકોને જવાબ યાદ રાખવામાં તકલીફ પડતી.
- ભારતનાં વિવિધ ઐતિહાસિક સ્થળોની વર્ગમાં રસપ્રદ માહિતી આપી શકાતી ન હતી.
- વિવિધ પરીક્ષાઓમાં ઐતિહાસિક સ્થળોના પ્રશ્નોનાં જવાબ બાળકો આપી શકતાં ન હતાં.

**હેતુઓ :**

- બાળક વર્ગમાં જ ભારતની ભવ્યતાનાં દર્શન કરે.
- મુલાકાત ન લઇ શકાય તે સ્થળનો વર્ગમાં જ અનુભવ અને તે અંગેની માહિતી.
- ભારતના ભવ્ય વારસા અંગે બાળકોને મોડેલ અને નમૂના દ્વારા સમજ.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

સામાજિક વિજ્ઞાન વિષયમાં ભારતનાં સ્થાપત્યો અને સાંસ્કૃતિક વારસાની માહિતી આપવા માટે સૌ પ્રથમ ભારતનાં ૭૫ થી વધુ વિવિધ મહત્વના સ્થાપત્યોનાં મોડેલ અને ચિત્રો વર્ગમાં જ બનાવવામાં આવ્યાં. ભારતનાં વિવિધ મહત્વના સ્થાપત્યોના ફોટોગ્રાફ દ્વારા વર્ગમાં ભારત દર્શન કરી શકાય તેવા સંગ્રહાલયનું વર્ગમાં નિર્માણ કરવામાં આવ્યું. વર્ગમાં VR બોક્સ અને LED ટી.વી. દ્વારા બાળકોને ભારતનાં વિવિધ સ્થળોની વર્ગમાં ૩૬૦° ડિગ્રી વીડિયોથી આબેહૂબ મુલાકાત કરાવી. તેમજ મૂલ્યાંકન કસોટી પણ લેવામા આવી. આમ, વર્ગમાં ભારતનાં સાંસ્કૃતિક સ્થાપત્યો અને ભારતીય સંસ્કૃતિની સમજ આપી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગમા બાળકોની લેખિત OMR શીટ દ્વારા કસોટી લેવામા આવી. જેમાં ખૂબ સારું પરિણામ મળેલ છે.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| વિદ્યાર્થીઓની સંખ્યા<br>કુમાર= ૨૬<br>કન્યા = ૨૩<br>કુલ= ૪૯ | કસોટી ૧ | | કસોટી ૨ | | કસોટી ૩ | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| પ્રયોગ પૂર્વે | 9 /34.61% | 5/21.73% | 14/53.84% | 9/39.13% | 19/73.07% | 14/60.86% |
| પ્રયોગ પછી | 14/53.84% | 9/39.13% | 19/73.07% | 14/60.86% | 22/84.61% | 19/82.60% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ ગુજરાતના તમામ સામાજિક વિજ્ઞાન શિક્ષક ૬ થી ૮ના વર્ગમાં કરી શકશે. સ્થાપત્યો અને ભારતીય સંસ્કૃતિ વિશે સમજ આપી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

ખારોઈ સી.આર.સી.ની ૦૩ શાળાઓમાં આ પ્રયોગ અમલમાં મુકેલ છે. ગુજરાતની તમામ શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળાની જેમ સામાજિક વિજ્ઞાન ડિજિટલ સંગ્રહાલય નિર્માણ કરી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**૧૦**

**દિપકકુમાર જેઠાલાલ ચૌહાણ**
**મુખ્ય શિક્ષક**
**શ્રી નખત્રાણા પ્રાથમિક કન્યાશાળા**
**ક્લસ્ટર : નખત્રાણા, તા. નખત્રાણા**
**મો.નં. ૯૮૨૫૩૭૪૩૨૪**
E-mail : dipakchauhan78.dc@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# જ્ઞાનવર્ધક ચાવીઓ

## શૈક્ષણિક મૂલ્યાંકન

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઇ ૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- વિદ્યાર્થીઓ સહેલાઈથી સામાજિક વિજ્ઞાન વિષયનું વિષય વસ્તુ યાદ રાખી શકતા નથી.
- જરૂરિયાત મુજબ અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકતી નથી.
- વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષય કંટાળાજનક લાગવા લાગ્યો.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓમાં વૈચારિક અને તાર્કિક શક્તિ વિકસે.
- વિદ્યાર્થીઓમાં વિષય પ્રત્યેનો અણગમો દૂર થાય.
- મહદઅંશે અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી શકાય.
- વિદ્યાર્થીઓ ગમ્મત સાથે જ્ઞાન મેળવે.
- વિદ્યાર્થીઓને વિષય વસ્તુ લાંબા સમય સુધી યાદ રહે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી માસવાર અભ્યાસક્રમ પ્રમાણે પ્રકરણ વાઈઝ અને સામાન્યજ્ઞાન આધારિત ૫૦ જેટલી જ્ઞાનવર્ધક ચાવીઓ કોમ્પ્યુટરમાં બનાવી. તેની A3 સાઇજમાં પ્રિન્ટ કઢાવી વર્ગમા ધોરણ પ્રમાણે ત્રણના ગ્રૂપમાં રમાડવામાં આવી. શાળાના ટી.વી.માં પણ આ પઝલ્સ રમાડી. જ્ઞાનવર્ધક ચાવીઓ બનાવવામાં શાળાની ૫ વિદ્યાર્થિનીઓએ મદદ કરી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

એકમ કસોટી આધારિત લેખિત અને મૌખિક કસોટી દ્વારા ધોરણ ૬ ની ૪૩, ધોરણ ૭ ની ૬૧ અને ધોરણ ૮ ની ૫૫ વિદ્યાર્થિનીઓનું મૂલ્યાંકન કર્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

QR કોડના માધ્યમથી ઓનલાઈન અન્ય શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જ્ઞાનવર્ધક ચાવીઓનો ઉપયોગ કરી શકે છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

નખત્રાણા તાલુકાના BRC અને CRC ની શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ જ્ઞાનવર્ધક ચાવીનો ઉપયોગ કરે છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



## ૧૧


**ધર્મિ અરવિંદકુમાર રાયઠ્ઠા**
**મુખ્ય શિક્ષક**
**શ્રી મોટા કરોડિયા પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર : ડુમરા કુમાર, તા. અબડાસા**
**મો.નં. ૯૯૦૯૧૬૪૪૧૦**
E-mail : dharmiraithatha0411@gmail.com


**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# અંગ્રેજી વાંચન સરળ વાંચન

## વિષયવસ્તુ પેડાલોગોજી આધારિત

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ડિસેમ્બર ૨૦૨૨ થી.....

**સમસ્યા ઉદ્‌ભવવાનાં કારણો :**

- ધો. ૩ થી ૫નાં બાળકોને અંગ્રેજી મૂળાક્ષરો ઓળખવામાં મુશ્કેલી.
- અંગ્રેજી શબ્દો અને વાકયોનાં ઉચ્ચારણ તથા વાંચનમાં મુશ્કેલી.
- અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ.

**હેતુઓ :**

- બાળકો અંગ્રેજી મૂળાક્ષરો ઓળખી તેનું શુદ્ધ ઉચ્ચારણ કરે.
- અંગ્રેજી શબ્દો તથા વાક્યોનું શુદ્ધ તથા સાચું વાંચન કરે.
- અંગ્રેજી વિષય પ્રત્યે રસ અને રુચિ પેદા થાય.
- આર્ટીકલ a અને an નો ઉપયોગ કરી શકે.
- rhyming words ઓળખી શકે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

આ નવતર પ્રયોગ અંતર્ગત વિવિધ પ્રકારના મૂળાક્ષરોના તથા શબ્દોના ચાટ્ર્સ અને કાડ્ર્સ બનાવ્યાં તેમજ phonics sound સાથેના મૂળાક્ષરોનું presentation તૈયાર કર્યુ. સૌ પ્રથમ મૂળાક્ષરોની ઓળખ માટે બાળકોને capital letters અને small letters નો તેના ઉચ્ચારણ તથા ઉદાહરણ સાથેનો ચાર્ટ બતાવી સમજૂતી આપી. તેમજ presentation (જેમાં કોઈ મૂળાક્ષર પર touch કરવાથી તેનો sound સાંભળી શકાય) દ્વારા મૂળાક્ષરોનો વારંવાર મહાવરો કરાવ્યો. ત્યારબાદ ૨ letters words કેવી રીતે બને તેની સમજૂતી આપી અને સ્ટિક પપેટ દ્વારા શબ્દોનું રોજબરોજ વાંચન કરાવ્યુ. ત્યારબાદ સરળતાથી કઠિનતા મુજબ ૩ letters words, ૪ letters words તેમજ સરળ વાક્યોની અલગ - અલગ પ્રકારના ચાટ્ર્સ તથા activity based TLM દ્વારા સમજ આપી વારંવાર મહાવરો કરવવામાં આવ્યો. તેમજ digraphs (કોઈપણ ૨ વ્યંજનો સાથે મૂકવાથી તેનો special sound થાય. ઉ.દા. ph-ફ, ch-ચ, sh-શ વગેરે) તેમજ blend words (કોઈપણ ૨ વ્યંજનો સાથે મૂકવાથી તેનો જોડાક્ષર વાળો sound થાય. ઉ.દા. bl-બ્લ, fl-ફ્લ, dr-ડ્ર વગેરે) ની ચાટ્ર્સ દ્વારા સમજ આપી મહાવરો કરાવ્યો. સાથે સ્વર અને વ્યંજનની સમજ આપી આર્ટીકલ a અને an ની ઉપયોગિતા સમજાવી. ત્યારબાદ TLM દ્વારા rhyming words શીખવવા માટેની activities પણ કરાવવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

નવતર પ્રયોગના અંતે વિદ્યાર્થીઓ દ્વારા બે અક્ષર, ત્રણ અક્ષર, ચાર અક્ષરના શબ્દો તથા સરળ વાક્યોનું વાંચન કરાવી મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમજ આર્ટીકલ a અને an ના ઉપયોગ માટે વર્ગીકરણની પ્રવૃત્તિ કરાવવામાં આવી તેમજ rhyming words માટે worksheet દ્વારા મૂલ્યાંકન કર્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

- આ નવતર પ્રયોગ પૂર્વે ધો. ૩ થી ૫ ના ૨૦% બાળકો અંગ્રેજી મૂળાક્ષરો ઓળખી, શબ્દો અને સરળ વાક્યો વાંચી શકતા હતા.
- આ નવતર પ્રયોગ કર્યા બાદ ધો. ૩ થી ૫ ના ૮૦% બાળકો અંગ્રેજી મૂળાક્ષરો ઓળખી, શબ્દો અને સરળ વાક્યો શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચી શકે છે.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ અંતર્ગત થતી પ્રવૃત્તિ કોઈપણ શાળાના ધો. ૩ થી ૮ના બાળકોને કોઈ ભાષાનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાચન શીખવવા માટે ઉપયોગી થઈ શકે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ કોઈપણ રાજ્યની કોઈપણ શાળાના ધો. ૩ થી ૮ના બાળક માટે લાગુ કરી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**૧૨**

**ધ્રુવિન દિનેશભાઈ કાનાણી**
**મદદનીશ શિક્ષક**
**માતુશ્રી  કેસરબેન કાનજી શામજી વિદ્યાસંકુલ**
**ક્લસ્ટર : બિદડા, તા. માંડવી**
**મો.નં. ૯૯૯૮૮૭૧૩૯૩**
E-mail : Kananidhruvin999@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# વિજ્ઞાનના ટોપિકની STEM દ્વારા પાયાની સમજૂતી

## શૈક્ષણિક પ્રક્રિયામાં ટેક્નોલોજીનો ઉપયોગ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :**

૨૦ જૂન ૨૦૨૨ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયના અમુક ટોપિકના અભ્યાસ દરમિયાન પાયાની સમજૂતીથી અજાણ હતા. અને તેને ગોખણપટ્ટીથી યાદ રાખવાનો પ્રયત્ન કરતા હતા. જેની યાદ રહેવાની અસરકારકતા ટૂંકા સમય ગાળાની હતી.

**હેતુઓ :**

- વિજ્ઞાન વિષયની અભ્યાસ પ્રત્યેની રુચિમાં વધારો કરવો.
- કોઈ પણ ટોપિકમાં ઉપયોગ થયેલ સાધનો / વસ્તુ દ્વારા પાયાની સમજૂતી પ્રાપ્ત કરાવવી.
- STEM મોડેલ દ્વારા કાલ્પનિક શક્તિનો વિકાસ કરી મૌખિક વર્ણન દ્વારા વિદ્યાર્થીને વર્ગખંડમાં બોલતો કરવો.


**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**


- આ નવતર પ્રયોગમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયને રુચિદાયક કરવા STEM શિક્ષણ દાખલ કરવામાં આવ્યું છે.
- જેમાં STEM મોડેલ બનાવીને પાયાના સિદ્ધાંતોની સમજૂતી આપવામાં આવી.
- વિજ્ઞાનમાં પાઠના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓના વર્ગખંડમાં જૂથ બનાવી STEM મોડેલ બનાવી માહિતી આપવામાં આવી. અને તૈયાર થયેલા મોડેલ વિશે વિદ્યાર્થીઓને અંદરોઅંદર ચર્ચા કરાવી.
- જેમકે રસાયણવિજ્ઞાનમાં ઇલેક્ટ્રોન રચના, તત્વના પ.ક્રમાંક, પ્લેટિંગ તથા જીવવિજ્ઞાનમાં રુધિર પરિવહન, પાચનતંત્ર, ઉત્સર્જનતંત્ર અને ભૌતિકવિજ્ઞાનમાં સમાંતર - શ્રેણી જોડાણ, જનરેટર, મોટર વગેરે STEM મોડેલ પાઠ પ્રમાણે બનાવવા માટે માહિતી આપવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે બે જૂથ બનાવવામાં આવ્યા હતા. પ્રથમ જૂથને પરંપરાગત રીતે અભ્યાસ કરવામાં આવ્યો. અને બીજા જૂથને STEM મોડેલ બનાવડાવીને અભ્યાસ કરવામાં આવ્યો. બાદમાં પ્રશ્નો પૂછી અને ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન તપાસવામાં આવ્યું હતું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**




- ➡ વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ટોપિકનું મૌખિક વર્ણન અને પ્રશ્નોનાં જવાબ આપે છે.
- ➡ માત્ર ગોખાણીયું શિક્ષણ ન મેળવતા વિજ્ઞાનના ટોપિકના મૂળ પાયાની સમજૂતી મેળવે છે.
- ➡ વિષય પ્રત્યેની રુચિ વધે છે. અને લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ➡ નવતર પ્રયોગનો ઉપયોગ અમારી શાળાની ૪ શાખાઓમાં ધોરણ ૬ થી ૧૦ નાં બાળકો ગોખણપટ્ટી વગર શિક્ષણ મેળવી શકે છે.
- ➡ ટોપિકના પાયાના સિદ્ધાંતો શીખીને વિજ્ઞાન મેળો,કવિઝમાં ભાગ લઈ શકે છે. અને કળા કૌશલ્યનો વિકાસ થઈ શકે છે. અન્ય સમાજિક વિજ્ઞાન, અંગ્રેજી, ગણિત વિષયમાં લાગુ પાડી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ અમારી વિદ્યાલયની નજીક આવેલ ૬ સરકારી/ બિનસરકારી શાળાઓના ૧૦૦૦+ વિદ્યાર્થીઓને STEM મોડેલ દ્વારા શિક્ષણની સમજ મેળવી ચૂક્યા છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૧૩

મંછાબા જયેન્દ્રસિંહ જાડેજા
મુખ્ય શિક્ષક
શ્રી મેરાઉ વાડી વિસ્તાર પ્રાથમિક શાળા નં. ૨
ક્લસ્ટર : શીરવા, તા. માંડવી
મો.નં. ૯૪૨૯૦ ૪૦૪૨૨
E-mail : mjjadeja2@gmail.com

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

# સ્થાનિક રિસોર્સ દ્વારા ધોરણ ૩ થી ૫ પર્યાવરણ વિષયની અધ્યયન નિષ્પતિને સમજાવી

## વિષયવસ્તુ પેડાગોજી આધારિત... પર્યાવરણ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન-૨૦૨૨

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

કોરોના કાળ બાદ બાળકો શાળાએ આવ્યાં ત્યારે, પર્યાવરણ વિષયમા રસ, રુચિ કેળવાતી ન હતી, પર્યાવરણ વિષય ને સમજાવતી વખતે ધ્યાન કેન્દ્રિત થતું ન હતું, શાળાથી દૂર હોવાને કારણે શારીરિક,માનસિક વિકાસ રુંધાઈ ગયો હતો. વર્ગખંડને ચેતનવંતુ બનાવવા આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.

**હેતુઓ :**

- બાળકો અવલોકન દ્વારા જ્ઞાન મેળવે.
- ધોરણ ૩ થી ૫ પર્યાવરણ વિષયને અવલોકન શક્તિ, સર્જનાત્મક્તા, જિજ્ઞાસાવૃત્તિમાં વધારો કરવો.
- ગોખણપટ્ટી દ્વારા નહિ, પરંતુ જાત અનુભવ દ્વારા જીવન પર્યંત ખ્યાલો સમજે.
- પર્યાવરણના જુદા-જુદા પ્રોજેક્ટ, નમુના એકત્ર કરીને સ્વયં શિક્ષણ મેળવે તથા શારીરિક, માનસિક વિકાસ સાધી શકાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

બાળકોને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે ધોરણ ૩ થી ૫, પર્યાવરણ વિષયની અધ્યયન નિષ્પત્તિ આધારીત જુદી- જુદી પ્રવૃતિઓ સ્થાનિક પરિબળોને આધીન કરવામાં આવી. ઘણી બધી અઘરી સંકલ્પનાઓને સમજવા માટે સ્થાનિક પરિબળોનો સમસ્યા ઉદ્ભવ કારણો ઉપયોગ કરવામાં આવે છે.

**ઉ.દા.**

જુદાં જુદાં સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત, પર્યાવરણ માંથી મળતી વસ્તુઓનું એકત્રીકરણ, સ્પર્શ, ગંધ જેવી પંચેન્દ્રિયના ઉપયોગ દ્વારા સમજવું. વ્યક્તિગત સ્વાસ્થ્ય, સ્વચ્છતા, સારી ટેવો માટે અનુભવજન્ય જ્ઞાન આપવામાં આવ્યું. બાળકોમાં રાષ્ટ્રપ્રેમ જાગે તેવા સંવર્ધિત મૂલ્યોનું બીજ રોપવામાં આવ્યું. આપણી રહેણીકરણી લોકજીવનનું શક્ય હોય ત્યાં પ્રત્યક્ષ અને વીડિયો કોલ મારફતે તથા સમયની અનુકૂળતા પ્રમાણે વેકેશન માં સમર કેમ્પનું આયોજન કરાયું, અને અન્ય સાંસ્કૃતિક વીડિયો દ્વારા જ્ઞાન વગેરે જેવા મુદ્દા સમાવ્યા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

ક્રિયાત્મક દ્વારા મૂલ્યાંકન,રચનાત્મક મૂલ્યાંકન,એકમ કસોટી,મૌખિક

**નવતર પ્રયોગનું પરિણામઃ**

- ➡ ૮૦% થી ૮૫% અધ્યન નિષ્પત્તિ સિદ્ધિ થઈ જાય છે.
- ➡ બાળકો પર્યાવરણ વિષય પ્રત્યે રસ, રુચિ ધરાવતાં થયાં.
- ➡ અવલોકન શક્તિમાં વધારો થયો. નિયમિતતામાં વધારો જોવા મળ્યો.
- ➡ વર્ગખંડ ચેતનવંતુ જોવા મળ્યું.
- ➡ બાળકો ગોખણપટ્ટીથી દુર રહી અર્થગ્રહણયુક્ત શિક્ષણ મેળવતાં થયાં.
- ➡ સામાજિક અને સાંસકૃતિક મૂલ્યો સમજતાં થયાં. સ્થાનિક પરિબળોના ઉપયોગ દ્વારા સરળતાથી બાળકો અર્થગ્રહણ કરી શક્યાં છે.
- ➡ પૂર્વેની સ્થિતિ : ધોરણ ૩ થી ૫ માં ૬૦% બાળકોની અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થઈ હતી.
- ➡ પછીની સ્થિતિ : ધોરણ ૩ થી ૫ માં ૮૫% બાળકો ની અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થઈ.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ➡ ધોરણ ૩ થી ૮ નાં બાળકો માટે
- ➡ બાળકો રજાના દિવસો કે રવિવારના દિવસે પણ પર્યાવરણ સાથે જોડાઈ પોતાની સુષુપ્ત શક્તિઓ, તર્કશક્તિનો વિકાસ અવલોકન દ્વારા કરી શકે છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ પ્રયોગ માત્ર મારી શાળા પૂરતુ જ મર્યાદિત નથી,પરંતુ મારી ક્લસ્ટરની અમુક શાળાઓ તથા તાલુકા-જિલ્લાની જૂજ શાળાઓમાં પણ ઉપયોગ થાય છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**૧૪**

**ક્રિસ્ટી જોઇસ અનુપમભાઇ**
મદદનીશ શિક્ષક
શ્રી અંજાર નગર પ્રાથમિક કન્યા શાળા નં ૨
ક્લસ્ટર : અંજાર ૭, તા. અંજાર
મો.નં. ૭૬૦૦૬૭૩૫૩૯૫
E-mail : christyjoyce1990@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

## ચાલો, અંગ્રેજી શીખીએ

**વિષય વસ્તુ પેડાગોજી આધારીત**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઇ ૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

ધોરણ ૬ થી ૮નાં વિદ્યાર્થીઓને અંગ્રેજી સમજવામાં ખૂબ જ મુશ્કેલી પડતી હતી. તેથી અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ જોવા મળતી હતી. જેના કારણે અંગ્રેજી વિષયની અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવી મુશ્કેલ હતી. જેથી વિદ્યાર્થીઓ સરળતાથી અંગ્રેજી શીખી શકે તે માટે આ પ્રયોગ કરવામાં આવ્યો.

**હેતુઓ :**

- ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાનું જ્ઞાન સરળ રીતે મેળવી શકે.
- વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષય પ્રત્યે રુચિ વધે.
- ગોખણપટ્ટીને બદલે સમજણ સાથે વિષયવસ્તુ શીખે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

ધોરણ ૬ થી ૮નાં વિદ્યાર્થીઓને અંગ્રેજી સમજવામાં ખૂબ જ તકલીફ પડતી હતી.જેથી વર્કિંગ TLM જેવા કે Learn time through clock, Rhyming words with magnet, Post-box of tenses, story of mouse and lion through prepositionsનો ઉપયોગ કરીને દરેક તાસના અંતે ૧૦ મિનિટ વિદ્યાર્થીઓને અંગ્રેજીના વિવિધ મુદ્દાની સમજ આપવામાં આવી. વિદ્યાર્થીઓ રિસેસ સમય દરમ્યાન અથવા તો પોતાની અનુકૂળતાએ ટીએલએમ નો ઉપયોગ કરી અંગ્રેજી શીખ્યા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થીઓનું મૌખિક તેમજ લેખિત કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

આ પ્રયોગ પૂર્વે ધોરણ ૬ થી ૮નાં અંગ્રેજી વિષયમાં ૨૦% વિદ્યાર્થીઓની રુચિ જોવા મળી હતી. પ્રયોગ પછી ધોરણ ૬ થી ૮નાં અંગ્રેજી વિષયમાં ૬૩% વિદ્યાર્થીઓની રુચિ જોવા મળી છે.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- આ પ્રયોગ ધોરણ ૬ થી ૮નાં ગુજરાતી અને હિન્દી વિષયમાં ઉપયોગી થઇ શકે છે.
- આ પ્રયોગ ધોરણ ૫નાં અંગ્રેજી વિષયમાં ઉપયોગી થઇ શકે છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ પ્રયોગ બીજી શાળામાં જે વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ જોવા મળતી હોય ત્યાં અમલમાં મૂકી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૧૫

**રણજીતભાઈ મંગાભાઈ ચાંડપા**
**મુખ્ય શિક્ષક**
**શ્રી નવી કોરીયાણી પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર : નારાયણ સરોવર, તા. લખપત**
**મો.નં. ૯૭૨૭૦૪૪૮૧૯**
E-mail : rchandpa@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# મેથ્સ એક્સરસાઈઝ શીટ

**સાંપ્રત વિષયો - FLN**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૦

**સમસ્યા ઉદ્‌ભવવાનાં કારણો :**

FLN અંતર્ગત ગણિતના પાયારૂપ દાખલાઓના મહાવરાની ઉણપ

**હેતુઓ :**

- ➡ બાળકોને ગણિતના પાયારૂપ દાખલાઓના મહાવરાથી FLN દ્રઢ થાય.
- ➡ દાખલાઓના મહાવરામાટે માસ-કોપીની ફરીયાદનું નિવારણ થાય.
- ➡ ધોરણ ૧ થી ૮ નાં તમામ બાળકોના ગણિતના FLN વર્ગમાં મદદરૂપ થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

આમારી શાળામાં બાળકોના ગણિતના FLN ની પ્રવૃત્તિ અંતર્ગત ગણિતના પાયારૂપ દાખલાના મહાવરા માટે મેથ્સ એકસરસાઈઝ શીટ બનાવવામાં આવી. જેમાં દરેક બાળકને શફલિંગ પદ્ધતિથી એક જ સમયે અલગ અલગ રકમના દાખલા મળે એવું આયોજન કરવામાં આવેલ છે.જેથી ગણિતના FLN ના દાખલાઓનું સુદ્રઢીકરણ થાય. ધોરણ ૧ થી ૮ નાં તમામ બાળકોના વર્ગમાં મદદરૂપ થાય એવી રીતે સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, સંખ્યાની પેટર્ન, નાની-મોટી સંખ્યા, ગુંજાશ, તરત પહેલાં તથા તરત પછી આવતી સંખ્યાના મહાવરાના દાખલાઓ રાખવામાં આવ્યા છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

લેખિત નમૂનાની તપાસણી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

શાળામાં ગણિતમાં FLN પ્રવૃત્તિ અંતર્ગત બાળકોમાં ૮૦% સુધારો જોવા મળ્યો.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

ધોરણ- ૧ થી ૮માં FLN પ્રવૃત્તિ અંતર્ગત તમામ બાળકોના વર્ગમાં ઉપયોગ કરી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ અમારા લખપત તાલુકાની શાળાઓ શ્રી જૂની કોરીયાણી પ્રા. શાળા, શ્રી કાંટા પ્રા. શાળા તથા શ્રી નારાયણ સરોવર પ્રા. શાળામાં હાલ કાર્યરત છે તેમજ રાજ્યની તમામ શાળાઓમાં લાગુ પાડી શકાય તેમ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૧૬

**વૈશાલીબેન જે. વાઘેલા**
**મદદનીશ શિક્ષક**
**શ્રી અંજાર નગર પ્રાથમિક શાળા નં : ૩**
**ક્લસ્ટર : અંજાર ૧૧, તા. અંજાર.**
**મો.નં. ૯૫૮૯૫૭૨૩૫૪**
E-mail : vijitesh54@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# બાળકોમાં શિક્ષણ પ્રત્યે એકાગ્રતાનો વિકાસ

**પ્રાથમિક વિભાગ**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જાન્યુઆરી ૨૦૨૩

**સમસ્યા ઉદ્ભવવાનાં કારણો :**

- ➡ મોબાઈલના અતિશય વપરાશના કારણે શિક્ષણ પ્રત્યે રસનો અભાવ.
- ➡ એકાગ્રતાનો અભાવ.
- ➡ મોબાઈલના કારણે આંખોની સમસ્યા વધવી.
- ➡ શારીરિક અને માનસિક નબળાઈ વધવી અને થાક લાગવો.

**હેતુઓ :**

- ➡ મગજની કસરતો દ્વારા બાળકોનું મગજ ચપળ થાય.
- ➡ બાળકોને કંઈક નવું શીખવાનો આનંદ મળે.
- ➡ એકાગ્રતા, યાદશક્તિ અને આત્મવિશ્વાસમાં વધારો જોવા મળે.
- ➡ શિક્ષણ પ્રત્યેની રુચિમાં વધારો જોવા મળે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

- ➡ વર્ગખંડમાં દરરોજ ૧૦ મિનિટ મગજની હળવી કસરતો કરાવી.
- ➡ બાળકોને હું કહું છું કે પોતાના વાલીઓને પણ શીખવાડે.
- ➡ શનિવારે બાલસભામાં દરેક ધોરણનાં બાળકોને આવી કસરતો કરાવી.
- ➡ રજાના પાંચ મિનીટ પહેલાં આંખો બંધ કરાવી દિવસ દરમિયાન થયેલા કાર્યને વિચારવા કહ્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- ➡ હાજરી પુરતી વખતે આપેલ વિષય મુજબનાં નામ બોલીને.
- ➡ પાઠ્યપુસ્તકમાંથી સમય મર્યાદામાં શબ્દો શોધવાનું કહીને.
- ➡ વિવિધ રમતો દ્વારા જેમકે : કેબીસી, મેમરી ગેમ વગેરે.

**નવતર પ્રયોગનું પરીણામ :**

| | | | એકાગ્રતાનો વિકાસ | | યાદશક્તિમાં વધારો | | આત્મવિશ્વાસમાં વધારો | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ધોરણ | સંખ્યા | પહેલા | પછી | પહેલા | પછી | પહેલા | પછી |
| ૧ | ૬ | ૭૫ | ૩૦% | ૬૦% | ૨૫% | ૬૦% | ૩૫% | ૭૦% |
| ૨ | ૭ | ૫૭ | ૩૫% | ૬૫% | ૨૫% | ૬૫% | ૩૫% | ૭૦% |
| ૩ | ૮ | ૫૬ | ૩૫% | ૭૦% | ૩૦% | ૭૦% | ૩૫% | ૭૦% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

કોઈપણ ધોરણનાં બાળકો માટે ઉપયોગી છે.દરેક શ્રેત્ર માટે લાગૂ પાડી શકાય છે.બાલવાટિકાથી જ શરુ કરી શકાય તો બાળકોમાં પહેલેથી જ મગજનો સારો વિકાસ કરી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

અન્ય શાળામાં લાગૂ પાડી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**દિનેશભાઈ ભાણાભાઈ નાઈ**
**મુખ્ય શિક્ષક**
**શ્રી બેલાકુમાર ગ્રૂપ પ્રા.શાળા**
**ક્લસ્ટર : બેલા, તા. રાપર**
**મો.નં. ૭૬૦૦૨૧૮૩૮૪**
E-mail : dineshnaipavadg@mail.com

**૧૭**

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

## ૧ થી ૧૦૦ અંકોના ઉપયોગથી ચિત્ર અને ભાષા શિક્ષણ

### FLN, અંકમાંથી ચિત્રો બનાવવા

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ : ૨૦૨૨/૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- ધોરણ ૩ થી ૮નાં બાળકોને ચિત્રો દોરવામાં મુશ્કેલી પડતી હતી .
- બાળકો ચિત્રો દોરવામાં ઓછો રસ ધરાવતાં હતાં.
- સ્વતંત્રલેખનમાં કચાશ જોવા મળી હતી.

**હેતુઓ :**

- બાળકો સરળ રીતે ચિત્રો દોરતાં થાય .
- બાળકોની ચિત્રો દોરવામાં રસ રુચિ જળવાઈ રહે.
- ચિત્ર પરથી વર્ણન કરીશકે.
- ૧ થી ૧૦૦ અંકોની ઓળખ કરી શકે.
- ધો.૧ થીર નાં બાળકોમાં મૌખિક અભિવ્યક્તિ કૌશલ્યની પારંગતતા કેળવાય.
- બાળકો ચિત્ર પરથી સ્વતંત્રલેખન કરતા થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

શાળાનાં તમામ બાળકો ખૂબ જ સારી રીતે અને સરળતાથી ચિત્રો દોરતાં શીખી શકે તે માટે શરૂઆતમાં ૧ થી ૫ અંક માંથી ચિત્ર કેવી રીતે દોરાય તેની તમામ બાળકોને વિસ્તૃત સમજ આપવામાં આવી. પછી ક્રમશ અન્ય અંકમાંથી ચિત્ર સરળતાથી કેવી રીતે દોરી શકાય તેની સમજ આપવામાં આવી. ચિત્રો દોરતાં શીખવાડવામાં આવ્યાં. શાળાનાં જે બાળકોને સારાં ચિત્રો દોરતાં આવડતાં હતાં તેવાં ૧૦ (દસ) બાળકોને તૈયાર કરી આ બાળકો શાળાનાં અન્ય બાળકોને ચિત્રો દોરતાં શીખવી શકે તે માટે દર શનિવારે એક તાસની વ્યવસ્થા કરવામાં આવી. બાળકોએ દોરેલ ચિત્રો પરથી તે ચિત્રો વિશે મૌખિક વર્ણન અને પછી અલગ કાગળમાં દોરેલ ચિત્ર વિશે પાંચ પાંચ વાક્યો લખાવવામાં આવ્યાં.

શાળાની YouTube ચેનલ (BELAKUMAR PRI.SCHOOL) પર બાળકોએ દોરેલાં ચિત્રોના વીડિયો બનાવી અપલોડ કરવામાં આવ્યા. આ વીડિયોની લિંક શાળાના ગ્રૂપમાં મૂકવામાં આવી જેથી બાળકો પોતાનાં ઘરે જઈને પણ વીડિયો જોઈને ચિત્રો દોરતાં શીખી શકે. ધો.૩ થી ૮નાં તમામ બાળકોએ ૧ થી ૧૦૦ અંકમાંથી બનતાં ચિત્રોની એક અલગ નોટબૂક બનાવી જેમાં નિયમિત રીતે બાળકો ચિત્રો દોરી શાળાનાં અન્ય બાળકોને શીખવતાં થયાં.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

➡ દોરેલાં ચિત્રોને આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું.
➡ બાળકોની નોટબુક તપાસીને.
➡ બાળકોને ચિત્ર આધારિત મૌખિક પ્રશ્નોતરી કરીને મૂલ્યાંકન કરવામાં આવ્યું.
➡ ચિત્ર આધારિત સ્વતંત્રલેખન કરાવીને મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

➡ વર્ષ ૨૦૨૨-૨૩ની શરૂઆતમાં શાળાનાં ધો- ૩ થી ૮નાં ૩૦% બાળકો ચિત્રો દોરી શકતાં હતાં. પરંતુ હવે શાળાનાં ધો-૩ થી ૮નાં ૭૫% બાળકો ૧ થી ૧૦૦ અંક માંથી ચિત્રો દોરે છે.
➡ શાળાનાં ધો-૩ થી ૮ નાં ૭૫% બાળકો સ્વતંત્ર લેખન કરતાં થયાં.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

ધો. ૧ થી ૮ નાં તમામ બાળકોને લાગૂ પાડી શકાય. બાળકોને સરળતાથી ચિત્રો સાથે અંકો શીખવી શકાય, સ્વતંત્ર લેખન શીખવી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

રાજ્યની તમામ શાળાઓમાં ધો - ૩ થી ૮માં આ પ્રયોગ ઉપયોગમાં લઈ શકાય. ઉપરાંત બેલા કન્યા પ્રા.શાળા, રબારીવાડી પ્રા.શાળા અને વિસાસર વાંઢ પ્રા. શાળામાં આ નવતર પ્રયોગ ચાલુ કરેલ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૧૮


**બાબુભાઈ ગેલાભાઈ મોર**

**મુખ્ય શિક્ષક**

**માલીસરાવાંઢ પ્રાથમિક શાળા**

**ક્લસ્ટર : ભીમાસર, તા. રાપર**

**મો.નં. ૯૯૨૫૬૪૦૩૩૮**

E-mail : bgmor91@gmail.com


**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

## MDM UTENSIL વોશબેસિન

### પર્યાવરણ જાગૃતિ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ : ૨૦૨૨/૨૩ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- MDM વખતે જમ્યા પછી વાસણ ધોવા માટે MDM કર્મચારી દ્વારા ૩૦૦ લીટરથી વધુ પાણીનો વપરાશ.
- એંઠવાડથી થતી દુર્ગંધ અને ગંદકી.

**હેતુઓ :**

- પાણીનો બગાડ અટકે અને પાણીની બચત થાય.
- એંઠવાડનો યોગ્ય નિકાલ થાય, ગંદકી દૂર થાય અને સ્વચ્છતા જળવાય.
- ઉપયોગમાં લેવાયેલ પાણીનો ફરી કિચન ગાર્ડનમાં ઉપયોગ થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

સૌ પ્રથમ નાનાં વાસણો ધોવા માટે ઉપયોગમાં આવે અને એંઠવાડનો યોગ્ય નિકાલ થાય તેવું MDM વોશબેસિન બનાવવામાં આવ્યું. જેમાં લોખંડની એક ફ્રેમ બનાવી તેમાં ચાર ટબ અને એક બાલદી ગોઠવવામાં આવી. ટબની નીચે વાલ્વ ગોઠવવામાં આવ્યા. અહીં વધેલ એંઠવાડ નાખવા માટે બાલદીનો ઉપયોગમાં લેવામાં આવ્યો. ચાર ટબમાં સાદું પાણી ભરવામાં આવ્યું. બીજા નંબરના ટબમાં વોશિંગ પાવડર નાખવામાં આવ્યો. ક્રમશઃ એકથી ચાર ટબમાં વારાફરતી વાસણ સાફ કરવાની પ્રક્રિયા કરવામાં આવી. વોશિંગ પાવડર સિવાયના ટબનું પાણી બાગમાં કે કિચન ગાર્ડનમાં વપરાશમાં લેવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

દરરોજ કેટલા લિટર પાણી વપરાય છે અને એંઠવાડનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે તેનો અભ્યાસ કરીને.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

- શાળામાં MDM માં પહેલાં દરરોજ ૩૦૦ લીટર પાણીનો બગાડ થતો. હવે આ પ્રોજેક્ટથી દરરોજ ૬૦ લીટર જ પાણી વપરાય છે. એટલે કે રોજ ૨૪૦ લિટર પાણીની બચત થાય છે.
- વપરાયેલ પાણીનો ઉપયોગ કિચન ગાર્ડન/બગીચામાં ઉપયોગ કરવામાં આવે છે.
- ગંદકી દૂર થઇ અને સ્વચ્છતા પણ જળવાઈ.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ પ્રોજેક્ટ વાસણોની સંખ્યા મુજબ નાનું કે મોટું મોડેલ બનાવી શાળાઓમાં, ઘરે કે ભોજનાલયમાં, તેમજ નાના મોટા જમણવારના કાર્યક્રમોમાં લાગુ પાડી શકાય તેમ છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

રાપર તાલુકાની નીલપર ગ્રામ સ્વરાજ સંઘ સંસ્થાએ આ પ્રયોગ અમલમાં મૂકેલ છે. પાટણ જિલ્લાની કુણઘેર સી.આર.સી.ની ૧૦ શાળાઓએ પણ મુલાકાત દરમિયાન અમલ કરવાની તૈયારી દર્શાવી હતી.

**નવતર પ્રયોગ અંગેના QR કોડ :**

ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ

નવતર પ્રયોગની પ્રક્રિયાનો વીડિયો



**૧૯**

**હિનાબેન રમણલાલ પટેલ**
**ઉપશિક્ષક**
**શ્રી આડેસર પ્રાથમિક કન્યા શાળા**
**ક્લસ્ટર : આડેસર, તા : રાપર**
**મો. નં. ૯૫૩૭૫૮૬૭૬૫**
E-mail : hinabenp388@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

## કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓ

### સાંપ્રત વિષયો

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન,૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ધોરણ ૬થીટના વિદ્યાર્થીઓ માટે પ્રયોગિક અભ્યાસક્રમ ઉપર ભાર મૂકવામાં આવેલ છે. આ સંદર્ભે આડેસર પ્રાથમિક કન્યા શાળાના ધોરણ ૬ થી ૮ ના વર્ગોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓમાં વિવિધ ઉપયોગી કૌશલ્યો વિકસે તે માટે આ ઇનોવેશન હાથ ધરવામાં આવ્યું છે.

**હેતુઓ :**

આ પ્રયોગનો મુખ્ય હેતુ મનોરંજન સાથે જીવન કૌશલ્ય ઉજાગર કરવાનો છે.

- ➡ ધોરણ - ૬ થી ૮ ની વિદ્યાર્થિનીઓમાં જીવન ઉપયોગી વિવિધ કૌશલ્યોનો વિકાસ કરવો.
- ➡ વિદ્યાર્થિઓમાં નમૂનાની બનાવટ દ્વારા કૌશલ્યાત્મક વિકાસ કરવો.
- ➡ વિદ્યાર્થીઓની સામાજિક અને વ્યાવસાયિક સજ્જતાને પ્રોત્સાહિત કરવી.
- ➡ ધોરણ - ૬ થી ૮માં૧૦ ડે બેગલેસ કાર્યક્રમ અંતર્ગતની પ્રવૃત્તિઓનું સફળ અમલીકરણ કરવું.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

શ્રી આડેસર પ્રાથમિક કન્યા શાળાની ધોરણ - ૬ થી ૮ ની ૧૫૯ વિદ્યાર્થીનીઓ માટે આ ઈનોવેશન હાથ ધરવામાં આવ્યું છે. સૌ પ્રથમ કૌશલ્યવર્ધક વિવિધ પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરી કાર્યાનુભવ અને સમાજ ઉપયોગી ઉત્પાદન કાર્ય (સ.ઉ.ઉ.કા.)નાં તાસ દરમિયાન આ પ્રયોગ કાર્ય હાથ ધરવામાં આવ્યુ. વિદ્યાર્થિનીઓને ભરતકામ, વિવિધ વસ્તુઓમાંથી રમકડાં બનાવવા, વોલપીસ, માટીકામ, જરીકામ, ટેરીબેડના નમૂના,વાંસકામ, કચ્છી આભૂષણો,વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ, સુશોભનની વસ્તુઓ તેમજ વિવિધ હસ્તકલાના નમૂનાઓ વગેરે બનાવવાની સમજ આપવામાં આવી તેમજ વ્યક્તિગત અને જૂથમાં પણ જીવન ઉપયોગી કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. વિદ્યાર્થિનીઓ ઘરેથી પણ વિવિધ નમૂનાનું નિર્માણ કરી શકે તે માટે સાધન-સામગ્રી આપવામાં આવી.વર્ગખંડમાં અને શાળામાં આ નમૂના પ્રદર્શિત કરી વિદ્યાર્થીનીઓની આ કામગીરીને સતત બિરદાવવામાં આવી. કૌશલ્ય આધારિત સ્થળોની યાદી તૈયાર કરી અનુરૂપ સમયપત્રક તૈયાર કરી રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી. જેવીકે પોસ્ટઓફિસ, બ્લોક નિર્માણ કારખાનું તેમજ નજીકના ખેતર અને ખેડૂતની મુલાકાત. કુંભારીકામ, સુથારીકામ, કડિયાકામ, દરજીકામ, લુહારીકામ તેમજ પશુપાલન, ફળ, શાકભાજી, મધઅને અન્ય જંગલની પેદાશો વગેરેની સમજ માટે કારીગરો અને વ્યવસાયકારો તેમજ અન્ય સ્થાનિક કલાકારોની રૂબરૂ મુલાકાત ગોઠવવામાં આવી. વ્યાવસાયિક નિષ્ણાતોની મદદથી કેટલાક વ્યવસાયલક્ષી કોર્સ બાબતે પણ સમજ આપવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થિનીઓએ બનાવેલ નમૂના તેમજ તેમને વિવિધ કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત કરેલ કૌશલ્યોના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. 'કૌશલ્યવર્ધક પ્રવૃત્તિ રેકોર્ડ' ને પણ ધ્યાને લેવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ:**

- વિદ્યાર્થિનીઓને હાથવગો અનુભવ મળ્યો જેથી જાતે વિવિધ નમૂના બનાવવાનું કૌશલ્ય વિકસ્યું.
- વિદ્યાર્થિનીઓમાં આસપાસના પર્યાવરણમાં ઉપલબ્ધ સાધન-સામગ્રીના ઉપયોગ થકી કૌશલ્યવર્ધક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાની કળા વિકસી.
- વિદ્યાર્થિનીઓ સ્થાનિક કલાકારો અને કારીગરોના વ્યવસાયો અને આવકના સાધનોથી પરિચિત થઇ.
- ધોરણ ૬થીટની કુલ ૧૫૯ માંથી ૧૪૨ વિદ્યાર્થીનીઓએ આ કાર્યમાં જોડાઈ વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરવાના કૌશલ્ય બાબતે પણ ખૂબ સારી સમજ મેળવી.
- કૌશલ્ય આધારિત વ્યાવસાયિક વિષયો શીખવા માટેની રસ-રુચી વધી.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

ઉચ્ચ પ્રાથમિક ધોરણથી વિદ્યાર્થિઓમાં જીવન ઉપયોગી વિવિધ પ્રકારના વ્યાવસાયિક અને સર્જનાત્મક કૌશલ્યોનો વિકાસ કરી શકાય છે. વિવિધ વિષય શિક્ષણ સાથે અનુંબંધ કરી શકાય છે.જેથી આ ઇનોવેશન અન્ય શાળાઓ માટે પણ ઉપયોગી છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આડેસર ક્લસ્ટરની અન્ય શાળાઓએ આ ઇનોવેશનનું અમલીકરણ કરેલ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**૨૦**

**નરેન્દ્રકુમાર દિલીપભાઈ સોની**
**મદદનીશ શિક્ષક**
**શ્રી કોડકી-૨ પ્રા. શાળા**
**ક્લસ્ટર : કોડકી, તા. ભુજ**
**મો. નં. ૯૫૧૨૩૯૫૭૩૩**
E-mail : ndsoni8462gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :વ્યક્તિગત**

# મોઈ શાળા મુજે ઘર સુધી આય

**શિક્ષણમા ટેકનોલોજીનો ઉપયોગ (ICT) / ખાસ પ્રોજેક્ટ**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન, ૨૦૨૦

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- સતત ગેરહાજર બાળકો
- ડ્રોપ આઉટ દર
- પરીક્ષાનો ડર
- વિષયો પ્રત્યે વધતી અરુચિ

**હેતુઓ :**

- પરીક્ષા આપવામાં ડરે નહી.
- ડ્રોપ આઉટ દર ઘટે.
- બાળકોને ગણિત અને વિજ્ઞાન વિષય પ્રત્યે રુચિ વધે.
- બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવો.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

શાળામાં રહેલ વ્હાઈટ બોર્ડ પર વિજ્ઞાન વિષયના ચાર્ટ બનાવવાની શરુઆત કરી.જેમાં એક જ પેજ પર સંપૂર્ણ પ્રકરણનો સમાવેશ આકૃતિઓ અને ફ્લોચાર્ટનો પણ સમાવેશ કર્યો. શાળાનાં બાળકો ICT નો ઉપયોગ કરી સંપૂર્ણ પ્રકરણનો અભ્યાસ સમય મર્યાદામાં કરતાં થયાં. પરિણામે વારંવાર પુનરાવર્તન કરવાનો સમય મળી રહેતો થયો.

વાડીએ રહેતાં બાળકો માટે બનાવેલા ચાર્ટની PDF માંથી બેનર પ્રિન્ટ કરાવ્યાં. આ બેનર ચાર્ટને વાડીમાં લઇ જઇને ભણાવવાની શરુઆત કરી. ચાર્ટથી ભણવામાં બાળકોને ખૂબ રસ પડવા લાગ્યો.


**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

મૌખિક અને લેખિત કસોટી દ્વારા મૂલ્યાંકન

**નવતર પ્રયોગનું પરિણામઃ**

- ધોરણ ૬ થી ૮ નાં ૫૦૦ થી વધારે બાળકો ટેક્નોલોજીનો ઉપયોગ કરી જાતે શીખતાં થયાં.
- સતત ગેરહાજર રહેતાં બાળકો હાજર રહેતાં થયાં.
- ડ્રોપઆઉટ દર ઘટયો.
- પરીક્ષાનો ડર દૂર થયો.
- એકમ કસોટી અને સત્રાંત પરિક્ષાનાં પરિણામમાં સુધારો થયો.

| માર્કસ | પ્રયોગ પહેલા બાળકોની સંખ્યા | | પ્રયોગ પછી બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | ગણિત |
| ૦ થી ૫ | ૪૦% | ૩૦% | ૧૦% | ૧૦% |
| ૬ થી ૧૦ | ૨૫% | ૨૦% | ૫% | ૧૦% |
| ૧૧ થી ૧૫ | ૧૦% | ૨૦% | ૪૦% | ૨૦% |
| ૧૬ થી ૨૦ | ૧૦% | ૨૦% | ૪૦% | ૩૦% |
| ૨૧ થી ૨૫ | ૫% | ૧૦% | ૫% | ૩૦% |




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- વર્ગખંડમાં સમયનો સદ્ઉપયોગ કરી વિષયમાં રસ વધારી શકાય.
- દરેક શાળામા આ ચાર્ટનો બાળકો ડિજિટલ માધ્યમથી અભ્યાસ કરી શકે છે.
- આંતરીયાળ વિસ્તારોમાં ઇન્ટરનેટ ન હોય તો પણ બાળકો ડિજિટલ માધ્યમથી અભ્યાસ કરી શકે છે.
- વાડી વિસ્તારની શાળાઓમાં બેનર દ્વારા અભ્યાસ કરાવી શકાય છે.
- TLM કે પાઠયપુસ્તક વગર વિષયની સમજૂતી સરળતાથી આપી શકાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

અમારી શાળામાં તેમજ કલસ્ટરની શાળાઓમાં તેમજ અન્ય જિલ્લાની શાળાઓમાં આ પ્રયોગની અમલવારી કરવામાં આવેલ છે. (પાટણ, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, ગાંધીનગર)

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૨૧

**હેતલબેન રમણિકલાલ અગ્રાવત**
**મદદનીશ શિક્ષક**
**શ્રી વિથોણ પ્રાથમિક કુમાર ગ્રૂપ શાળા**
**ક્લસ્ટર : વિથોણ, તા. નખત્રાણા**
**મો. નં. ૭૫૭૪૯૮૨૭૮૯**
E-mail : hetalagravat47gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :વ્યક્તિગત**

# રમતથી રાજી થઈએ

## સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન, ૨૦૨૦

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- ગેરહાજરીનું વધુ પ્રમાણ
- બાળકોમાં દેખાતી નીરસતા

**હેતુઓ :**

- બાળ ઘડતરનો પાયો મજબૂત થાય.
- બાળકનો સામાજીક, ભાષા અને ગણન વિકાસની સાથે શારીરિક વિકાસ થાય.
- બાળકોના સર્વાંગી વિકાસ માટે પાયાનાં કૌશલ્યો કેળવાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

બાળકોને અભ્યાસમાં રસ લેતાં કરવા આ ઇનોવેશન હાથ ધરવામાં આવ્યું. વિવિધ રમતો લઇ બાળકોને રમતની સાથે શિક્ષણ મળી રહે તે મુખ્ય હેતુ છે. આ ઇનોવેશનમાં રમતો માટે વિવિધ સાધનો બનાવ્યાં, શિક્ષણને લગતા રમકડાં બનાવ્યાં. શાળા સમય દરમિયાન, વિશ્રાંતિ વેળાએ, શનિવારના દિવસે તેમજ ધોરણ ૧ અને ૨ નાં બાળકો માટે રમે તેની રમતનાં તાસમાં એક મિનિટની રમત, વિવિધ દોડની રમત, બે ટુકડી પાડીને રમતો, બેઠાં બેઠાં રમી શકાય તેવી રમતો, વર્તુળાકાર મેદાની રમતો, એકાગ્રતાની રમતો, યાદશક્તિની રમતો, તર્કશક્તિની રમતો, વગેરેનું આયોજન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

શાળા સમય દરમિયાન વિવિધ રમતો દ્વારા, વિશ્રાતિ દરમિયાન પ્રવૃત્તિ સાથે રમત દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

- ધો.૧ અને ૨નાં ૩૪ બાળકોમાંથી સરેરાશ દરરોજ ૨૮, ૩૦ બાળકો હાજર રહે છે.
- બાળકોમાં એકાગ્રશક્તિ, તર્કશક્તિ અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં વધારો થયો છે.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ➡ આ નવતર પ્રયોગથી બાળકો અભ્યાસમાં રસ લેતાં થાય છે.
- ➡ હાજરીનું પ્રમાણ વધી શકે છે.
- ➡ બાળકોમાં એકાગ્રશક્તિ, તર્કશક્તિ અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં વધારો થઈ શકે છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ પ્રયોગ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારિયા પ્રા.શાળામાં કાર્યરત છે. આ પ્રયોગ અન્ય શાળા, ક્લસ્ટર, તાલુકા, જીલ્લા અને રાજ્યમાં લાગુ પાડી શકાય છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



## ૨૨

સુરેખાબેન મહેન્દ્રસિંહ ઝાલા
મદદનીશ શિક્ષક
શ્રી ખિરસરા(વિં) પ્રા.શાળા
ક્લસ્ટર : હાજાપર, તા. અબડાસા
મો. નં. ૯૬૬૨૨૧૯૪૦૦
E-mail : surekhazala71@gmail.com
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :વ્યક્તિગત

# MAGIC MODELS FOR BASIC MATHS

## સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જાન્યુઆરી ૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- ગણિત વિષયની પાયાની સંકલ્પનાઓ સિદ્ધ કરવામાં મુશ્કેલી પડતી હોવાથી.
- બાળકો ગણિત વિષયમાં રસ રુચિ ધરાવતાં ન હોવાથી.

**હેતુઓ :**

- બાળકો ગણિત વિષય સરળતાથી તેમજ આનંદદાયી રીતે શીખી શકે.
- બાળકો પ્રવૃતિઓ દ્વારા શીખી શકે જેથી લાંબા સમય સુધી યાદ રાખી શકે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

આ નવતર પ્રયોગ અંતર્ગત બાળકોને ગમતાં કાર્ટૂન ચિત્રો, ટ્રેન, પશુ પક્ષીના ચિત્રો અને વેસ્ટ વસ્તુઓમાંથી ખૂબ જ આકર્ષક અને અધ્યયન નિષ્પત્તિ આધારિત ચાર્ટ્સ, મોડેલ્સ બનાવવામાં આવ્યાં. જેને મેજિક મોડેલ્સ એવું નામ આપવામાં આવ્યું. જેમાં ગાણિતિક પ્રક્રિયાની સમજ આપતી બૂક, ૧ થી ૧૦૦ સુધીનું સંખ્યાજ્ઞાન, એકી-બેકી સંખ્યા, સ્થાનકિંમત ગેમ, પઝલ તેમજ સરવાળા બાદબાકીની સમજ આપતાં મોડેલ્સ તૈયાર કરવામાં આવ્યાં. આ ઉપરાંત પુનરાવર્તિત સરવાળાની સમજ આપવામાં આવી. સાથે સાથે ઘડિયાનું મટિરિયલ બનાવવામાં આવ્યું. આ નવતર પ્રયોગ અંતર્ગત બાળકોએ ખૂબ જ રસપૂર્વક આ મેજિક મોડેલ્સનો ઉપયોગ કર્યો અને વિષયવસ્તુ રમતાં રમતાં ઉત્સાહપૂર્વક શીખી શક્યાં. આમ બાળકોને પ્રવૃતિ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગના અંતે બાળકોનું ક્રિયાત્મક રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| ક્રમ | મૂલ્યાંકન સ્થિતિ | ધો.૩ અને ૪ ની રજિસ્ટર સંખ્યા | ગણિત વિષયની પાયાની સંકલ્પનાઓ સિદ્ધ કરી શકતાં બાળકોની ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પ્રારંભિક | ૨૫ | ૩૯% |
| ૨ | મધ્યાંતર | ૨૫ | ૫૭% |
| ૩ | આજ દિન સુધી | ૨૫ | ૮૨% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ ધોરણ ૧ થી ૫માં ગણિત વિષય સરળતાથી અને આનંદદાયી રીતે શીખવાવવા ઉપયોગી છે. રાજ્યની કોઈ પણ શાળામાં ગણિત વિષયની પાયાની સંકલ્પના સમજાવવા માટે ઉપયોગી છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગનું મારા ક્લસ્ટરની અન્ય ૧ પ્રાથમિક શાળામાં અમલીકરણ ચાલુ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૨૩

**ભૂમિબેન શૈલેષભાઈ ગોર**
**મદદનીશ શિક્ષક**
**શ્રી કારાઘોઘા પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર : બેરાજા, તા. મુંદ્રા**
**મો. નં. ૯૭૩૭૩૭૩**
E-mail : b.gor34@gmal.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# "Let's Follow The Instructions"

## Teaching Language: English

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૩/૮/૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

વિદ્યાર્થીઓ અંગ્રેજીના વર્ગ દરમ્યાન દિશાસૂચન માટેના શબ્દો તથા વાક્યોના ઉપયોગમાં મુશ્કેલી અનુભવતાં હતાં.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓ અંગ્રેજીભાષામાં દિશાસૂચન માટેનાં શબ્દો તથા વાક્યો સમજી શકે, બોલી શકે તથા લખી શકે.
- નિરીક્ષણ દ્વારા પ્રશ્નોના જવાબ આપી શકે.
- ક્રિયા દ્વારા શીખી શકે તથા વ્યાકરણના મુદ્દા સમજી શકે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

શિક્ષક તથા વિદ્યાર્થીઓએ સીટી મોડેલનું નિર્માણ કર્યું જેમાં વિવિધ સ્થળોનાં મોડેલ બનાવ્યાં. ઉ.દા.: School, Hospital, Post office, City mall વગેરે. આ સીટી મોડેલમાં એક લાંબા રસ્તાનું નિર્માણ કર્યુ જેનાં પર રિમોટથી ચાલતી ગાડી ગોઠવી. વિદ્યાર્થીને Instruction Box માંથી Instruction card કાઢવા આપ્યાં જેમની સૂચનાઓ અનુસરીને તેમણે રિમોટ કારથી રમત દ્વારા શિક્ષણનો લાભ લીધો અને અધૂરાં વિધાનો તથા પ્રશ્નોના સમજપૂર્વક ઉત્તર આપ્યાં.આ પ્રવૃત્તિ દ્વારા તેમણે વ્યાકરણના મુદ્દા જેવા કે Tenses, Prepositions વગેરેનો ઉપયોગ કરતા પણ શીખ્યું. આ રીતે ક્રિયા તથા રમત દ્વારા તેમણે અંગ્રેજી ભાષા શિક્ષણ મેળવ્યું તથા વાક્યરચનાઓ દ્વારા સ્વતંત્ર લેખન પણ કરતાં થયાં.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થી દ્વારા રિમોટ કારને સૂચિત રસ્તે લઇ જવાની ક્રિયાને ગુણ આપીને તથા વિવિધ પ્રકારના પ્રશ્નોના સમજપૂર્વક ઉત્તર આપીને મૂલ્યાંકન કરાયું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| ધોરણ ૮. કુલ વિદ્યાર્થીઓ ૨૪ | કન્યા જે વ્યાકરણ તથા વાક્યરચનાઓ બનાવી શકતી હતી.. કુલ ૧૦ | કુમાર જે વ્યાકરણ તથા વાક્યરચનાઓ બનાવી શકતા હતાં.. કુલ ૧૪ | પ્રયોગને અંતે પરિણામ |
|---|---|---|---|
| પ્રયોગ પૂર્વે | ૫૦% | ૩૬% | ૪૨% |
| પ્રયોગ પછી | ૯૦% | ૮૫% | ૮૮% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

અંગ્રેજી ભાષા શિક્ષણ અને વિકાસ, રસ્તા પર ટ્રાફિકના નિયમોનું પાલન તથા સુરક્ષા, દિશા સૂચન તથા વ્યાકરણ જેવાં મુદ્દાઓ માટે આ પ્રયોગનો ઉપયોગ કરી શકાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

શાળા કક્ષાએ ધોરણ ૬ તથા ૭ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે તથા બેરાજા સી.આર.સી.ની ત્રણ શાળાઓમાં ૬૦ વિદ્યાર્થીઓએ વચ્ચે આ પ્રયોગ અમલમાં છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૨૪

**શ્રીમતી કાજલ કૌશલ છાયા**
**મદદનીશ શિક્ષક**
**શ્રી કૈલાશનગર પંચાયતી પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર :શ્રી મહેશ્વરી નગર, તા. ગાંધીધામ**
**મો. નં. ૯૯૨૫૦૧૬૧૪૪**
E-mail : kajkaushal2111gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક**

# સંગીતનાં સથવારે શિક્ષણ

## વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૦ થી.....

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

અભ્યાસ પ્રત્યે બાળકની નીરસતા, યાદ રાખવામાં પડતી મુશ્કેલી, શ્રવણ કૌશલ્યનો અભાવ, સમય જતાં શીખેલું ભૂલી જવું, ગોખણપટ્ટી જ કરવી, આત્મવિશ્વાસનો અભાવ, વાંચનમાં કચાશ એકસાથે ઘણું બધું યાદ રાખવામાં મુશ્કેલી.

**હેતુઓ :**

- ➡ સંગીતના માધ્યમથી બાળકોને ભણતરમાં રસ લેતાં કરવાં.
- ➡ સૂર, તાલ, લયમાં ગાતાં કરવાં.
- ➡ ટેકનોલોજીના ઉપયોગથી, દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા સરળતાથી સ્વયંશિક્ષણ મેળવતા કરવા
- ➡ બાળકોની નીરસતા દૂર કરવા વિષય અનુરૂપ સાધન સામગ્રીનો ઉપયોગ કરવો.
- ➡ ગીત, સંગીત, અભિનયના માધ્યમથી મુદ્દો સરળતાથી યાદ કરી, યાદશક્તિ વધારી, અન્ય વિષય પણ સરળ બનાવવા.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

અંગ્રેજી મહિનાના નામ, વિક્રમસવંત મહિનાના નામ, અંગ્રેજી  ગુજરાતી વારના નામ, ઋતુ, દિશા, સંબંધ, અંગ્રેજી મૂળાક્ષર, બારાખડી, ઘડિયા જેવી શૈક્ષણિક બાબતો યાદ રખાવવા માટે ઉપરોક્ત શૈક્ષણિક વિષયોનું ચયન કરી ગીત રચના કરી સ્વરાંકન કર્યું. ઓડિયો  વીડિયો રેકોર્ડિંગ્સ કર્યાં. દરેક તાસની શરૂઆતમાં પાંચ મિનિટ ગીત સંભળાવવામાં આવ્યું. વાદ્યો સાથે સામૂહિક ગાયન, અભિનય કરાવવામાં આવ્યું. સાથે સાથે T.L.M. નિદર્શન પણ કર્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- ➡ મૌખિક પ્રશ્નોતરી
- ➡ રમતો દ્વારા ક્રિયાત્મક મૂલ્યાંકન

**નવતર પ્રયોગનું પરિણામ:**

- ➡ પ્રયોગ શરૂ કરતાં પહેલાં ધોરણ - ૧ થી ૫ ના આશરે ૨૫૦ આસપાસ વિદ્યાર્થીઓમાં A B C D, કક્કો, વાર માસનાં નામ 30% વિદ્યાર્થી ગોખીને યાદ રાખતા હતા. મૌખિક રજૂઆત સમયે ભૂલી પણ જતા હતા.

- આ પ્રયોગ પછી ૯૦% વિદ્યાર્થી યાદ રાખતા થયા અને એ પણ રસપૂર્વક.
- આત્મવિશ્વાસમાં વધારો દેખાયો.
- લય, તાલ, સૂર સમજી ગાતાં થયાં.
- ગણિત જેવા વિષયો સરળ બન્યા.
- ગેરહાજરીનો દર ઘટ્યો.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય.
- ધોરણ ૩ થી ૮ ના તમામ વિષયોમાં આવા ગીતો તૈયાર કરી જે તે વિષયનું રસપ્રદ શિક્ષણ કરી શકાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

ગાંધીધામ શહેરની મહેશ્વરી નગર, સુંદરપુરી, રેલ્વે શાળા તથા આદિપુર ખાતે આવેલ સિન્કરો અકાદમીમાં આ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**દિલીપકુમાર ડી.પંડ્યા**
**મદદનીશ શિક્ષક**
**શ્રી નવી સુંદરપુરી પ્રા.કન્યા શાળા**
**ક્લસ્ટર : ગાંધીધામ ૧, તા. ગાંધીધામ**
**મો. નં. ૯૮૨૫૯૭૭૮૮૯**
E-mail : ddpandya29@gmail.com

**૨૫**

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# આંગળીના ટેરવે ટેક્નોલોજી

## શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

ધોરણ ૭ અ ની બાલિકાઓને વિષયવસ્તુ સમજાવવામાં મુશ્કેલીઓ જોવા મળી. T.L.M. તેમજ કાળા પાટીયાનો ઉપયોગ કર્યો છતાં નીરસતા જણાઈ. બાલીકાઓની હાજરી પણ ઓછી જોવા મળતી હતી.

**હેતુઓ :**

- ટેક્નોલોજી દ્વારા ભાષાનું શિક્ષણકાર્ય અસરકારક બનાવવું.
- તેમજ બાળકો જાતે ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણકાર્ય કરી શકે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

બાલિકાઓના ઘરે સ્માર્ટ ફોન પણ ન હોવાથી તેમને સ્માર્ટ TV માં રસ પડ્યો. હવે બાલિકાઓને G Shala app, શિક્ષણ સાગર એપ અને શાળા મિત્ર એપ દ્વારા અને ધીરે ધીરે You Tube દ્વારા વિવિધ શૈક્ષણીક એપ દ્વારા શિક્ષણ પ્રત્યે રસ જગાવવાનો પ્રયત્ન કર્યો. વર્ગમાં ચાર ગ્રૂપ પાડી દરેક ગ્રૂપનાં એક એક કેપ્ટન ગેરહાજર રહેતી કન્યાઓને બનાવવામાં આવી. ચારેય કેપ્ટનને સ્માર્ટ ટીવીનો ઉપયોગ કરતા શીખવ્યું. એ ચાર તેમની ટીમના બાકીના બાળકોને શીખવે એવું આયોજન કરવામાં આવ્યું. તેમજ મોકલેલ લીંક દ્વારા તે લીંક ઓપન કરીને અંગ્રેજી ભાષાની ક્વીઝ જાતે રમી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. તેમજ વર્ગમાં અઠવાડિયામાં બે વાર પ્રેરણાદાયી વાર્તાઓ, નાના બાળકોના ડાન્સ, રમુજી ટૂચકાઓ, લોકગીતો તેમજ સંસ્કૃતના શ્લોકો સંભળાવ્યા. આ રીતે અધ્યન નિષ્પત્તિ સિદ્ધ કરવામાં સફળતા મળી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વર્ગખંડમાં રોજે રોજ કોઈપણ કન્યાને ઉભી કરી સ્માર્ટ ટીવી ચાલુ કરીને મોબાઈલથી કનેક્ટ કરવાથી માંડીને G-Shala, Shikshan sagar, શાળા મિત્ર You tube માંથી કોઈપણ વિષયને લાગતો વિડીયો જાતે ઓપરેટ કરવાનું કહેવામાં આવતું અને બાળકો ઓપરેટ કરતા જાય અને તેને ઓપરેટ કરવાના સ્ટેપ પણ બોલતા જતા હતા. તેમજ મોકલેલ લીંક ઓપન કરી જાતે ગૂગલશીટમાં ટેસ્ટ આપીને પોતાનું રીઝલ્ટ જોઈ શકે છે.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

આ નવતર પ્રયોગ દ્વારા વર્ગની ૮૦% બાલિકાઓ ડીજીટલ ટેકનોલોજીનો ઉપયોગ જાતે કરી શકે છે. સંસ્કૃતના ઘણા શ્લોકો પણ કંઠસ્થ થયા. અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવામાં પણ સરળતા રહી.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

શાળાની તમામ બાલિકાઓને ઉપયોગી છે.તેમજ બાળકોની પ્રવૃત્તિના વીડિયો શાળાની યુ ટ્યુબ ચેનલ NKP Education પર અપલોડ કરેલ છે. જેનો ઉપયોગ બાજુમાં આવેલ કુમાર શાળામાં થાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગથી બાલિકાઓ જાતે સ્માર્ટ ટીવી ઓપરેટ કરે છે અને શાળાની અન્ય બાલિકાઓ પણ તેમ કરવા માટે પ્રેરાય છે

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**૨૬**

**અર્પિતા એચ. ગોર**
**મદદનીશ શિક્ષક**
**ભારાસર પ્રાથમિક કન્યા શાળા**
**ક્લસ્ટર : માનકૂવા, તા. ભુજ**
**મો. નં. ૯૭૧૨૩૧૬૧૧૨**
E-mail : arpitahgor1990@gmail.com

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત :વ્યક્તિગત**

## ગણિત વિજ્ઞાનની વીડિયો ગેમ્સ

### શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** એપ્રિલ ૨૦૨૦ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિ દ્વારા અધ્યાપનમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતી નીરસતા.
- ગણિત-વિજ્ઞાન વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણમાં જોવા મળતી તકલીફો.
- વિષયના દઢીકરણ માટેનો સમય ઓછો મળવો.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓ તેના રસરુચિ આધારિત અભ્યાસ કરે.
- સરળતાથી કઠીન નિષ્પત્તિ સિદ્ધ કરે.
- વધુ પ્રમાણમાં દઢીકરણ કરવા મહાવરો મળે.


**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

સૌપ્રથમ ધોરણ ૬ થી ૮ ના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન નિષ્પત્તિઓ આધારિત વિવિધ મુદ્દાઓ અલગ અલગ તારવવામાં આવ્યા. આ મુદ્દાઓ આધારિત વિવિધ વીડિયો ગેમ્સ બનાવવામાં આવી. આ વીડિયો ગેમ શાળામાં વિદ્યાર્થીઓને જે તે વિષય વસ્તુ આધારિત મુદ્દાના અભ્યાસના અંતે રમાડવામાં આવી. દરેક રમતનો એક એક QR CODE જનરેટ કરી પ્રકરણની શરૂઆતમાં વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તક પર લગાડવામાં આવ્યા. આ ગેમ્સનો લાભ રાજ્યના દરેક વિદ્યાર્થી લઈ શકે તે માટે દરેક ગેમ્સને બ્લોગમાં સાચવવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

નવતર પ્રયોગનું મૂલ્યાંકન લેખિત કસોટીનાં પરિણામો દ્વારા કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ધોરણ ૬ થી ૮ના ગણિત અને વિજ્ઞાન વિષયમાં નીરસતા દૂર કરવા.
- આ માહિતી સાચવી શકાતી હોવાથી ધોરણ ૬ થી ૮ ના ગણિત અને વિજ્ઞાન વિષયનું મૂલ્યાંકન સરળ બનાવવા.
- આ જ રીતે અન્ય વિષયોની પણ ગેમ બનાવી ઉપયોગ કરી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ Online હોવાથી માત્ર આપણા જીલ્લા સુધી નહિ પરંતુ સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓને માટે સુલભ થઇ રહ્યો છે. રાજ્યની આશરે ૧૩૦ થી વધુ શાળા અને ૫૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ રમતનો લાભ લીધેલ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



## ૨૭

**રોહિતકુમાર જસવંતસિંહ બારીઆ**
**મુખ્યશિક્ષક**
**શ્રી મુધાન પ્રાથમિક શાળા**
**ક્લસ્ટર : ઘડુલી, તા. લખપત**
**મો. નં. ૮૨૩૮૪૨૭૫૫૮**
E-mail : ohitbaria8180@gmail.com

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# મારા અક્ષર સુંદર અક્ષર

## અક્ષર સુધારણા

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

અમુક વિદ્યાર્થીઓના અક્ષરો વાંચી ન શકાય તેવા ધ્યાને આવેલ તેમજ સારા અક્ષરો વધુ સારા આવે તેવા પ્રયત્નો કરવા.

**હેતુઓ :**

- સુંદર અક્ષરોથી વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રુચીમાં વધારો થાય.
- લેખનમાં ઝડપ લાવવી.
- પોતાના વિચારોને સાચા અર્થમાં લેખિત સ્વરૂપ આપી શકે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ માટે અક્ષર સુધારણા નવાચાર અંતર્ગત શરૂઆતમાં મૂળાક્ષર, શબ્દો, વાક્યો તેમજ ફકરા દર્શાવતી પારદર્શક પ્લાસ્ટિક કવર ધરાવતી 'અક્ષર પાટી' તૈયાર કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓ સ્કેચપેનની મદદથી આ પાટીનો વારંવાર ઉપયોગ કરી શકે. વર્ગમાં દરરોજ પહેલા તાસમાં શરૂઆતની ૨૦ મિનિટ ખરાબ અક્ષર ધરાવતા વિદ્યાર્થીઓની પાટીના સ્ટેજ મુજબ ઓળખ કરી એટલે કે જરૂરીયાત મુજબ અક્ષર, શબ્દો અને ફકરાનો એક મહિના સુધી મહાવરો કરાવવામાં આવ્યો. ત્યારબાદ તેના દ્રઢિકરણ માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં દરરોજ એક એક ફકરો વધારાનું ગૃહકાર્ય સોંપવામાં આવ્યું. તેમજ તેની ચકાસણી વર્ગશિક્ષકશ્રીઓને સોંપવામાં આવી. જેમ જેમ અક્ષરો સુધરતા ગયા તેમ તેમ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વર્ગશિક્ષક દ્વારા પ્રત્યક્ષ તપાસ અને મુખ્ય શિક્ષક દ્વારા પરોક્ષ તપાસ દ્વારા.

**નવતર પ્રયોગનું પરિણામ:**

ધોરણ ૬ થી ૮ ના ૪૧% વિદ્યાર્થીઓના અક્ષરો સારા આવતા હતા. નવતર પ્રયોગ બાદ ૮૯% વિદ્યાર્થીઓના અક્ષરોના મરોડમાં સુધારો થયેલ છે.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ ખરાબ અક્ષરો આવતા હોય તેવા તમામ વિદ્યાર્થિઓ માટે ઉપયોગી છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ હાલ અમારી શાળા પુરતો જ કાર્યરત છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૨૮

**મેહુલકુમાર મસરીભાઈ વાજા**
મદદનીશ શિક્ષક
લુણવા પ્રાથમિક શાળા
ક્લસ્ટર : ચીરઇ નવી મોટી, તા. ભચાઉ
મો. નં. ૯૭૨૩૩૮૨૮૦૨
E-mail : Mehulvaja12@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક**

# ગણિત શીખીએ પ્રોજેક્ટરથી રમતાં રમતાં

## શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૨ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

શાળામાં બાળકોને ગણિત વિષય પ્રત્યે રસ અને રુચિ ઓછી જોવા મળતી હતી. બાળકો ગણિત ભણવામાં તણાવ તેમજ ઘર લેશન ઓછુ લાવતા હતાં. ગણિત વિષયની પાયાની સંકલ્પનાઓ સિદ્ધ થતી ન હતી. શાળામાં બાળકો અનિયમિત અને અભ્યાસમાં નબળા હતાં. બાળકોને યાદ ઓછું રેહતું હતું.

**હેતુઓ :**

ગણિત વિષયમાં રસ અને રુચિ વધે છે. ગણિતની પાયાની સંકલ્પનાઓ જેવી કે ત્રિકોણ, વર્તુળ, ચતુષ્કોણ, ચોરસ અને લંબચોરસના ક્ષેત્રફળ, સમાંતર રેખાઓ, તેમજ લ.સા.અ. અને ગુ.સા.અ. સરળતાથી સમજાવી શકાય છે. શાળામાં નિયમીત આવતા થાય અને શાળા તરફ આકર્ષિત થાય. બાળકોના ગુણ વધે, યાદ શક્તિ વધે, વર્ગ ખંડ જીવંત બની રહે તેમજ શૈક્ષણિક કાર્ય વધુ રસપ્રદ બને.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

સૌ પ્રથમ યોગ્ય લંબાઇ અને પહોળાઇ ધરાવતુ લાકડાનું બોક્ષ બનાવ્યુ. તેમા એક સ્લાઈડના માપનું કાણું પાડ્યું હતુ. તેની અંદર બલ્બ ગોઠવી દેવામાં આવ્યો હતો. સૌ પ્રથમ સ્લાઈડમાં ચતુષ્કોણની આકૃતિ દોરી તેના વિશે સમજાવ્યું, ત્યારબાદ ત્રિકોણ અને વર્તુળની આકૃતિઓ દોરી તેની સમજ આપવામાં આવી હતી. આવી જ રીતે ગણિતના વિવિધ એકમો જેવા કે સમાંતર રેખાઓ, ચોરસ અને લંબચોરસનું ક્ષેત્રફળ, લ.સા.અ અને ગુ.સા.અ વગેરેની સમજ આપી શકાય.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન મૌખિક, ચિત્રાત્મક, અને લેખિત કર્યું હતું. જેમાં ધોરણ ૬ થી ૮ માં જેઓ અભ્યાસમાં ગણિત વિષયમાં નબળાં હતાં અને ૦ થી ૫-૧૦ ગુણ લાવતાં હતાં. તેઓના ગુણમાં ૪૦ થી ૫૦ ટકાનો વધારો થયો હતો. અનિયમિત બાળકો શાળા તરફ આકર્ષિત થયાં અને શાળામાં નિયમિત આવતા હતાં.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| વિદ્યાર્થીઓની સંખ્યા<br>કુમાર = ૪૦<br>કન્યા=૪૩<br>કુલ=૮૩ | સરેરાશ હાજરી પરિણામ | | ગણિત કસોટીનું પરિણામ | |
|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| પ્રયોગ પૂર્વે | ૨૨/૫૫.૦૦% | ૨૩/૫૩.૪૮% | ૨૧/૫૨.૫૦% | ૨૨/૫૧.૧૬% |
| પ્રયોગ પછી | ૩૧/૭૭.૦૫% | ૩૫/૮૧.૩૯% | ૩૧/૭૭.૫૦% | ૩૨/૭૪.૪૧% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ ધોરણ ૩ થી ૫ અને ૬ થી ૮ માં કરી શકાય. દરેક વિષય શિક્ષક તેનો વર્ગખંડમાં ઉપયોગ કરી વિષયવસ્તુને સરળ શૈલીમાં અને ચિત્રો દ્વારા સમજાવી શકે છે. વર્ગકાર્ય જીવંત અને વધુ રસપ્રદ બની જાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

અમારા ક્લસ્ટરની શ્રી જૂના લુણવા પ્રા. શાળામાં કર્યો હતો. જેમા જાણવા મળ્યું કે આ નવતર અભિગમ  બાળકોને શાળા તરફ આકર્ષિત કરે છે અને તેમને ભણવામાં ખુબ જ મજા આવે છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



## ૨૯

**છાયાબેન ડી. કાવર**
**મદદનીશ શિક્ષક**
**શ્રી પધ્ધર પ્રા. કન્યા શાળા**
**ક્લસ્ટર : પધ્ધર, તા. ભુજ**
**મો. નં. ૯૫૮૬૧૯૫૨૬૩**
E-mail : chhaya.kavar10@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# Mind Enhancing Activities

## સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

વિદ્યાર્થીઓને ત્વરિત ઉત્તર આપતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી જે તેઓ ચોક્કસ સમયમાં પૂર્ણ કરી શક્યા નહિ. આમ, વિદ્યાર્થીઓમાં સચેતતા તથા સતર્કતાનો અભાવ, એકાગ્રતાનો અભાવ, પ્રત્યુત્તર આપવામાં ધીમા અને નિર્ણય લેવાની ક્ષમતામાં કચાશ જોવા મળી.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓની એકાગ્રતા, મગજની કાર્યક્ષમતા, પ્રત્યુત્તર આપવાની ઝડપમાં વધારો થાય.
- વિદ્યાર્થીઓમાં સતર્કતા અને સચેતતા જેવા ગુણોનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓ Logical Thinking કરતા થાય.
- સ્લો લર્નર વિદ્યાર્થીઓને વિશેષ ફાયદો થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

વિદ્યાર્થીઓના મગજના બન્ને ભાગની કાર્યક્ષમતામાં વધારો થાય તે માટે વિવિધ ૪૫ જેટલી Mind Enhancing Activities કરાવવામાં આવી. ટ્રેસિંગ લાઈન પર બન્ને હાથની આંગળીઓ ફેરવવી, બન્ને હાથ વડે લીટી દોરવી વગેરે જેવી એકસાથે બન્ને હાથનો ઉપયોગ થાય તેવી સરળ પ્રવૃત્તિઓ કરાવી તેમજ વિવિધ પ્રકારના માઈન્ડ યોગા કરાવ્યા. વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ વિવિધ ૪૦ જેટલી Logical Thinking વધારતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી જેવી કે કોયડા અને પેટર્ન ઉકેલ, Crack The Code Make The Word, Match The Colour, Find Similar Shapes, What Comes Next. આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને રમત-ગમતના તાસ દરમિયાન કરાવવામાં આવી. વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓને રમતનો એક ભાગ સમજીને રિસેસના સમય દરમિયાન પણ ઉત્સાહથી કરતાં થયાં.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**


આ પ્રયોગના અમલ પછી વિદ્યાર્થીઓને આપેલ પ્રવૃત્તિ ચોક્કસ સમય મર્યાદામાં પૂર્ણ કરવા કહેવામાં આવ્યું અને વિવિધ પ્રકારની લેખિત, અને મૌખિક અને તાર્કિક કસોટી લેવામાં આવી.

**નવતર પ્રયોગનું પરિણામ :**

આ નવતર પ્રયોગ ૫૦ વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો હતો જેમાં ૭૪% સફળતાં મળી.

## નવતર પ્રયોગનું પરિણામ

| ક્રમ | પ્રવૃત્તિઓ | નવતર પ્રયોગ પહેલાની સ્થિતિ પ્રતિ (30 મિનિટ) | નવતર પ્રયોગ પછીની સ્થિતિ (30 મિનિટ) |
|---|---|---|---|
| 1 | ત્વરિત ઉત્તર | 8 થી 10 પ્રવૃત્તિઓ | 15 થી 20 પ્રવૃત્તિઓ |
| 2 | મગજના બન્ને ભાગની ક્ષમતા વધારતી પ્રવૃત્તિઓ | 3 થી 4 પ્રવૃત્તિઓ | 8 થી 10 પ્રવૃત્તિઓ |
| 3 | તાર્કિક વિચાર શક્તિ વધારતી પ્રવૃત્તિઓ | 4 થી 5 પ્રવૃત્તિઓ | 10 થી 12 પ્રવૃત્તિઓ |
| 4 | પેટર્ન અને પઝલ ઉકેલવા | 2 થી 3 | 6 થી 8 |
| 5 | સત્રાંત પરિક્ષાનું પરિણામ (50 ગુણથી વધુ) | 38% (વર્ષ 21-22) | 72% (વર્ષ 22-23) |




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ રાજ્યની કોઈપણ શાળામાં બાલવાટિકા અને ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓને કરાવી શકાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ ભુજ તાલુકાની ૧૦ શાળાઓમાં અને નખત્રાણા તાલુકાની ૨ શાળામાં જુલાઈ-૨૦૨૩થી કાર્યરત છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



30

**રૂકમુદ્દીન આઈ. શેરસીયા**
**શિક્ષણ સહાયક**
**શ્રી સરકારી મા.અને ઉ.માધ્યમિક શાળા,રાપર**
**ક્લસ્ટર : રાપર, તા. રાપર**
**મો. નં. ૯૬૨૪૫૮૪૨૪૫**
E-mail : srukmudin@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગતઃવ્યક્તિગત**

# વિજ્ઞાન પ્રવાહ તરફ વિદ્યાર્થીનું સકારાત્મક વલણ

## અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીની સંખ્યા ઓછી હોવાથી.
- વિજ્ઞાનપ્રવાહનો વિદ્યાર્થીને ડર લાગતો હોવાથી.

**હેતુઓ :**

- વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય.
- વિજ્ઞાનપ્રવાહમાં હોશિયાર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા થાય.
- વાલી અને વિદ્યાર્થીને વિજ્ઞાન પ્રવાહનો ડર દૂર થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**


- તાલુકાની નવ માધ્યમિક શાળાઓની મુલાકત લઈને વિદ્યાર્થીને વિજ્ઞાનપ્રવાહ વિશે માર્ગદર્શન આપ્યું.
- તાલુકાની હોસ્પિટલમાં પ્રેકટીસ કરતાં Doctorની જીવનશૈલી વિશે વાત કરી motivate કર્યા.
- Doctor તરીકે જીવનમાં સફળતા મેળવી તેની જીવન storyને video દ્વારા બતાવીને વિદ્યાર્થીઓ અને વાલીને વિજ્ઞાન પ્રવાહ તરફ પ્રેરણા આપી.
- stethoscope અને એપ્રોન પહેરાવીને ફોટોગ્રાફ પાડયા જેથી વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય જોતા થયા.
- ઈનામ વિતરણ અને welcome party નું આયોજન કર્યું .

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- શાળામાં હોશિયાર વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રવેશના આધારે.
- વિજ્ઞાનપ્રવાહમાં  વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલ વધારાના આધારે.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| ૨૦૨૩ પહેલા સંખ્યા | | ૨૦૨૩ માં સંખ્યા | |
|---|---|---|---|
| કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૦૨ | ૦૪ | ૦૬ | ૦૮ |
| કુલ=૦૬ | | કુલ=૧૪ | |




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

આ પ્રોજેક્ટ દ્વારા વિજ્ઞાનપ્રવાહથી અજાગૃત વિદ્યાર્થી અને વાલીને જાગૃત કરી ડર દૂર કરી શકાય અને શાળામાં વિજ્ઞાન પ્રવાહની સંખ્યા વધારી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ પ્રયોગ કોઈ અન્ય શાળા માટે વિજ્ઞાનપ્રવાહ તેમજ માધ્યમિક શાળામાં લાગુ કરી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**બેલાબેન એચ ગુજજર**
મદદનીશ શિક્ષક
શ્રી જીઆઈડીસી ઝુપડપટ્ટી પ્રા શાળા
ક્લસ્ટર : થર્મલ-કંડલા, તા. ગાંધીધામ
મો. નં. ૯૪૨૮૦૭૫૩૨૭
E-mail : belahgajjar@gmail.com

**૩૧**

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક**

## હુન્નર દ્વારા સ્થાયીકરણ

### સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** સપ્ટેમ્બર -૨૦૨૨

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં કન્યા હાજરીનું પ્રમાણ નહિવત રહે છે.

**હેતુઓ :**

- કન્યા શિક્ષણમાં વધારો થાય.
- જીવન કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકો પ્રાથમિક ગણતરી કરતા શીખે.


**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**


શાળામાં કન્યા શિક્ષણ પ્રમાણ ઓછુ હતું. તેથી તેમની મનપસંદ પ્રવૃત્તિ સિલાઇ મશીન દ્વારા વિવિધ સિલાઇ કાર્ય જેવુ કે કાપડની થેલી,પાણીના ગરણા,પગ લુછણિયા, વિવિધ કાર્યક્રમ અંતર્ગત વેશભુષા અંગેના પહેરવેશ તૈયાર કરવા જેવી પ્રવૃતિ શીખવવામાં આવી.આ સાથે બાળકો શિક્ષણમાં રસ લે તે માટે ભરતકામ પ્રવૃતિમાં અંગ્રેજી મૂળાક્ષરો બનાવ્યા.તથા તહેવારો આધારિત રાખડી ,માટીના ગણપતિ , નવરાત્રી વિશેષ આભુષણ,દીવા સુશોભન વગેરે જેવી વસ્તુઓનું નિર્માણ કરાવ્યું. વર્ગખંડમાં દુકાન-દુકાનની રમત દ્વારા નિર્માણ થયેલ આ વસ્તુઓની ખરીદ-વેચાણની સમજૂતી આપવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- નકશા દ્વારા મૂલ્યાંકન
- મૌખિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન
- વિદ્યાર્થીઓમાં સ્પર્ધા કરાવીને મૂલ્યાંકન
- જમીન પરના નકશાનો ઉપયોગ વિદ્યાર્થીઓને કરાવીને મૂલ્યાંકન

**નવતર પ્રયોગનું પરિણામઃ**




| | નાની - મોટી થેલી | મોતી ની માળા | હાથના લુસ | પગના સાંકળા | કાનની બૂટ્ટી | રાખડી | દીવા | મુખવાસ |
|---|---|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થી સંખ્યા | 15 | 12 | 10 | 10 | 10 | 18 | 6 | 6 |
| તૈયાર કરેલ સામગ્રી | 45 | 20 | 17 | 35 | 16 | 75 | 60 | 10 |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં કન્યાઓને મનપસંદ હુન્નર શીખવીને હાજરી સુધારણા અને નામાંકનમાં વધારો કરવા,
- વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ લાવવા.
- ગણિત, ભાષા જેવા વિષયોને સરળતાથી સમજાવવા.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

- ધોરણ૬ થી ૮ માં કન્યા હાજરીનું પ્રમાણ ઓછું છે ત્યાં આ પ્રયોગ અમલમાં મૂકી શકાય.
- સ્થાનિક પરિસ્થિતી અનુરૂપ વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય કેળવતા અન્ય વિષયો પણ સાંકળી શકાય છે. તથા હુન્નર શીખવવા સ્થાનિક વિસ્તારમાંથી કિશોરીઓ અને માતાઓ સહિત ખાસ વર્ગને પણ જોડી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૩૨

**સોનલ વી. ડાંગર**
**મદદનીશ શિક્ષક**
**શ્રી સરકારી માધ્યમિક શાળા સાપેડા**
**ક્લસ્ટર : સાપેડા, તા. અંજાર**
**મો. નં.૯૦૧૬૫૮૯૭૮૪**
E-mail : sapedasecondaryschool@gmail.com

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક**

## ગમ્મત સાથે નકશા

### વિષય વસ્તુ પેડોગોજી આધારિત શૈક્ષણિક મૂલ્યાંકન

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૨ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

વિદ્યાર્થીઓને નકશાપૂર્તિમાં વિવિધ વિગતો ભરવામાં પડતી મુશ્કેલીઓ.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓને નકશાપૂર્તિમાં પડતી મુશ્કેલીઓ નિવારવી.
- વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસાવૃત્તિ જગાડવી.
- વિદ્યાર્થીઓમાં સામાન્યજ્ઞાન વધારવું.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**


સૌપ્રથમ જમીન પર ચોકથી મોટા આકારનો ભારત દેશનો નકશો દોરી તેમાં રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશો દર્શાવ્યા. ત્યારબાદ તેમાં ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ(વિવેક એક્સપ્રેસ) બતાવવા માટે રમકડાંની ટ્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો. આ રીતે અલગ - અલગ કૃષિ પાકો, રાષ્ટ્રીય ઉદ્યાનો,જમીનો, ધોરી માર્ગો, ઉદ્યોગો, સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના, દરિયાઈ માર્ગો વિદ્યાર્થીઓને વિવિધ પ્રયોગો દ્વારા બતાવવામાં આવ્યાં.

(સાધન સામગ્રી ઘઉં, ચોખા, મગફળી, રમકડાંની ગાડી, રમકડાંની ટ્રેન, કપાસ, ચા, માટી વગેરે)

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

વિદ્યાર્થી હાજરી તથા વિદ્યાર્થીઓએ બનાવેલ ક્રિયાત્મક નમૂના આધારિત મૂલ્યાંકન કર્યુ.

**નવતર પ્રયોગનું પરિણામઃ**




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- આ નવતર પ્રયોગ ધોરણ ૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પર લાગુ પાડી શકાય.
- ભારતના ભૂગોળને જાણવા માટે પણ આ રીત અપનાવી શકાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ આજુબાજુની તાલુકાની શાળાઓ તેમજ પાંચ જિલ્લાઓ જેવા કે જૂનાગઢ, બનાસકાંઠા, સાબરકાંઠા, વેરાવળ, પોરબંદરની, એક એક શાળાઓમાં અમલમાં મૂકેલ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



33

**સેવંતીલાલ નારણભાઈ પરમાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાગપર-૧ પં.પ્રા.શાળા, મુન્દ્રા**
**ક્લસ્ટર : કપાયા, તા. મુંદ્રા**
**મો. નં. ૯૩૧૬૬ ૦૯૦૬૭**
E-mail : sevantilalparmar92@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# પ્રોત્સાહન અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ

## સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૩ થી.

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- એક વખત પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ બીજી વખત ભાગ લેવાનું ટાળતા હતા.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી ઓછી જોવા મળતી હતી.
- વિદ્યાર્થીઓની હાજરીમાં અનિયમિતતા જોવા મળતી હતી.
- મૌખિક સમજણ અને તૈયાર નકશાથી વિદ્યાર્થીઓને ઓછી સમજણ પડતી હતી.
- વિદ્યાર્થીઓને નકશામાં રાજકીય, ભૌગોલિક કે અન્ય સ્થળો યાદ રહેતાં નહોતાં.
- રાજવંશ અને રાજાઓના શૈક્ષણિક મુદ્દા વિદ્યાર્થીઓ યાદ રાખી શકતા નહોતા.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓને એમનાં ઉમદા કાર્યો માટે પ્રોત્સહાન મળે.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં, હાજરીમાં વિદ્યાર્થીઓની નિયમિતતા જોવા મળે.
- વિદ્યાર્થીઓ જાતે પ્રવૃત્તિ કરી નકશો શીખે .
- ભારતના નકશામાં ભૌગોલિક, રાજકીય, ઐતિહાસિક વગેરે સ્થળો દર્શાવે.
- વિદ્યાર્થીઓ જાતે રમત રમી રાજા અને વંશની ઓળખ કરે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

''હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું કે જેમાં વિદ્યાર્થી શીખે.'' **આઈનસ્ટાઈન**

ઉપરોક્ત કથન અનુસાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે સ્ટાર દર્શાવતા સિક્કા બનાવ્યા. તેના માટે સ્ટાર પ્રોફાઈલ ચાર્ટ બનાવ્યા. જયારે કોઈ વિદ્યાર્થી વિશેષ પ્રવૃત્તિમાં ભાગ લે ત્યારે ભાગ લીધેલ વિદ્યાર્થીના નામ આગળ ચાર્ટ પર અને વ્યક્તિગત ફાઈલમાં પ્રવૃત્તિના નામ સાથે સ્ટાર આપ્યા. વધુ સ્ટાર મેળવનારને મહિના અને સત્રના અંતે વિશેષ ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓ જાતે પ્રવૃત્તિ કરી નકશો શીખી શકે તેના માટે કોરા નકશાનું બેનર બનાવ્યું. જેમાં વિદ્યાર્થીઓ જાતે પ્રવૃત્તિ કરી નકશો શીખે છે. ઉપરાંત લાકડાના કાર્ડ બોર્ડ પર યુગચક્ર બનાવ્યું જેના વડે રમત રમી વિદ્યાર્થીઓ રાજા અને રાજવંશના શૈક્ષણિક મુદ્દા યાદ રાખી શકે. આમ ઉપરોક્ત પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી શીખતા થયા છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- ➡ વર્તણૂક અભ્યાસ અને નકશા કસોટી દ્વારા.
- ➡ અભ્યાસક્રમ સંબંધિત કસોટીઓના આધારે.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

| ધો.૬ થી ૮ની સંખ્યા<br>કુમાર=૧૬<br>કન્યા=૨૧<br>કુલ=૩૭ | યુગચક્ર, નકશાની વિગતો યાદ રાખનાર | | સ્ટાર પ્રોફાઈલ સહાભ્યાસિક પ્રવૃત્તિમાં ભાગ લેનાર (જેમકે સ્પર્ધાઓ, હાજરી, રમત, કસોટી, દિન વિશેષ, તહેવાર ઉજવણી વગરે) | | હાજરી પ્રમાણ<br>કુમાર=૧૬<br>કન્યા=૨૧<br>કુલ=૩૭<br>દૈનિક સરેરાશ %) | |
|---|---|---|---|---|---|---|
| પ્રયોગ પૂર્વે | કુ | ક | કુ | ક | કુ | ક |
| | ૫૦.૦% | ૫૭.૧૪% | ૪૩.૭૫% | ૫૨.૩૮% | ૫૦.૦૦% | ૬૬.૬૬% |
| પ્રયોગ પછી | ૮૭.૫% | ૮૫.૭૧% | ૮૧.૨૫% | ૮૦.૯૫% | ૮૧.૨૫% | ૮૦.૯૫% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

વિદ્યાર્થીઓને એમની ઉમદા પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરી શકાય છે.તેમજ વિદ્યાર્થીઓ જાતે નકશો શીખતા થાય.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

કપાયા CRC ગ્રૂપની ત્રણ શાળાઓમાં આ પ્રયોગ અમલમાં મૂકેલ છે. આ પ્રયોગની અમલવારી કોઈપણ વર્ગ કે શાળામાં કરી શકાય છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



## ૩૪

**કાર્તિક એન. કષ્ટા**
**મદદનીશ શિક્ષક**
**શ્રી સ્વામિનારાયણ ઈંગ્લિશ સ્કૂલ**
**ક્લસ્ટર : કોડાય પુલ, તા. માંડવી**
**મો. નં.૮૪૬૯૪૪૨૩૭૭**
E-mail : kartik.kasta456@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : સામૂહિક**

# SCHOOL WITHOUT BAG

**સાંપ્રત વિષયો : NEP**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** JULY ૨૦૨૨

**સમસ્યા ઉદ્‌ભવવાનાં કારણો :**

- અક્ષરજ્ઞાનને અભાવે ભણતરમાં અરુચિ.
- ડ્રોપ આઉટનો રેશિયો ઊંચો હતો.
- ઉપરનાં ધોરણમાં વાંચન  લેખનનું કૌશલ્ય અપૂર્ણ વિકસિત.

**હેતુઓ :**

- ૧૦૦% હાજરી સુનિશ્ચિત કરવી.
- પૂર્ણ નિષ્ઠાવાન માનવ તરીકેના વિકાસનો.
- બાળક સ્વનો પરિચય કેળવી સ્વાવલંબન અને સ્વાશ્રયી બને ગુણભાવનાનો  તથા ચારિત્ર્ય નિર્માણનો.
- વિદ્યાર્થી શાશ્વત મૂલ્યો પ્રતિ આદર કેળવે અને વિદ્યાર્થી સ્વતંત્ર આત્માવાળો, સ્વતંત્ર બુદ્ધિવાળો ને પોતાનાં હિતાહિત સમજી શકે.
- શબ્દભંડોળ વિકસાવવું
- ભાષાકીય તથા ગણિતિક કૌશલ્ય ખીલવવું.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

**સાધન સામગ્રી :** કાર્ડ બોર્ડ , કાર્ડપેપર , ચાર્ટ પેપર, રંગો, ભૌમિતિક આકૃતિની પેટી , રચનાપેટી, કિચન સેટ, દટ્ટા પેટી, ઢીંગલી ઘર, ગુલાબી મિનારો, રંગની તકતી, અવાજની ડબ્બીઓ, સ્પર્શના પાટિયાં, સરવાળા  બાદબાકીનાં પાટિયાં, સરવાળા બાદબાકીની પેટી,  મણકા ઘોડી, રેતિયા અક્ષર માટી, કલરફૂલ  કાગળ, અનાજ, કઠોળ, ખાંડણી, ઘંટુડો, ખમણી વગેરે

**ટાઈમટેબલ :** સોમવાર, બુધવાર, શનિવાર

| ક્રિડાંગણ : | પ્રાર્થનાસભા : | વર્ગખંડ : |
|---|---|---|
| સમય  ૭ : ૪૫ થી  ૮: ૪૫ | સમય - ૦૯ :૦૦ થી ૧૦:૦૦ | સમય - ૧૦:૩૦ થી ૧૨:૦૦ |

| સાધન કામ | સંગીત |
|---|---|
| • ગૃહ જીવનની પ્રવૃત્તિ | • પ્રાર્થના |
| • રેત તકતી પર કાર્ય | • ભજન |
| • પઝલ્સ | • ધૂન |
| • મણકા ઘોડી | • બાળગીત |
| • શીંગલીપર | • અભિનયગીત |
| • માટી કામ | • તાલ રમત |
| • કતાર કામ | • મૂક બાળગીત |
| • પીરામીડસ | • વાર્તા કથન |
| • ચીટકકામ | • પપેટસ |
| • કોલાજ વર્ક | • તહેવારોનો પરિચય અને ઉજવણી |
| • સ્પ્રેડવર્ક | • લોકગીત |
| • થ્રેડવર્ક | • લોક રમત અનુરૂપ જોડકણા |
| | • હાલરડા |
| | • રાસ-ગરબા |

**અધ્યન નિષ્પતિ :**

- એકી બેકી સંખ્યાની સંકલ્પના
- અંક શિક્ષણ ગણતરી
- સરવાળા બાદબાકી (રમત દ્વારા)
- વૃક્ષ-વેલા-છોડની માહિતી

→

- દિનચર્યા,
- ઋતુચર્યા,
- ઋતુની માહિતી,
- ઋતુગત પહેરવેશ,
- ખોરાક,
- આપણી આસપાસના પશુ પંખીની માહિતી તથા તેની ઉપયોગીતા ખાસિયત,
- અનાજ, કઠોળ, શાકભાજીની માહિતી તેનાં ફાયદા તેનાથી બનતી વાનગી ,
- મહાપુરુષના જીવન કવન, વિવિધ ઉત્સવો ઉજવવા પાછળનું હાર્દ અને તેની ઉજવણી ,
- વિવિધ ગીતો,બાળગીતો ,લોકગીતો,વર્તાકથા વગેરે
- પાઠ્યપુસ્તકમાં આવતા પાઠોની ભજવણી

- એકમ દશકનો ખ્યાલ,
- સ્થાન અંકિત, જાડું+પાતળું ઉપર નીચે અંદર બહાર,
- ઊંચું-નીચું સંકલ્પના સિદ્ધિ,
- વાંચન મહાવરો,
- મૌખિક અભિવ્યક્તિનો વિકાસ,
- ભાષાભંડોળ વિકાસ

**કૌશલ્ય નિષ્પતિ :** →

- રમત દ્વારા થયેલ વિકાસ,
- સામાજિક ભાવના,
- આત્મ પ્રદર્શન,
- નેતૃત્વ ભાવના,
- ખેલદિલી,
- ઉચિત વ્યવહાર

- આપણી આસપાસના પર્યાવરણનો પરિચય,
- ભારતીય સંસ્કૃતિને અનુરૂપ તહેવારનું મહત્વ અને તેની જાણકારી,
- વાર્તાકથન અને અભિનયક્ષમતા, ગાયન ક્ષમતા, મહાપુરુષો વિશેની માહિતી તથા તેમણે આપેલ યોગદાન

- વ્યક્તિત્વ વિકાસ ,
- સ્વાવલંબની સ્વાશ્રયી ટેવ,
- જ્ઞાનેન્દ્રિયનો વિકાસ,
- ''કથન, વાંચન, લેખન ગણન કૌશલ્યનો વિકાસ

**રચના :**


- ➡ ટાંચા સાધન દ્વારા પ્રાર્થના ખંડ તથા ક્રિડાંગણની રચના ઉપરોક્ત સાધનોની મદદથી
- ➡ આધુનિક વર્ગખંડ ચાર ખૂણામાં વિભાજિત
- ➡ ગૃહજીવનની તાલીમ
- ➡ સર્જનાત્મક ખૂણો
- ➡ ઢીંગલી ઘર
- ➡ અધ્યયન અધ્યાપન

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

નીચેના મુદ્દા દ્વારા તેનું મૂલ્યાંકન કર્યું હતું.

વિભાગ ૧ : ક્રિયાત્મક મૂલ્યાંકન વિભાગ ૨ : મૌખિક મૂલ્યાંકન વિભાગ ૩ : લેખિત મૂલ્યાંકન

**નવતર પ્રયોગનું પરિણામઃ**




- ➡ નવતર પ્રયોગ પૂર્વેની સ્થિતિ ૬૦% પ્રવૃત્તિલક્ષી શિક્ષણ
- ➡ નવતર પ્રયોગની સ્થિતિ ૯૮% પ્રવૃત્તિલક્ષી શિક્ષણ

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

ગુજરાતની કોઈ પણ સ્કુલમાં ભણતાં બાલવાટિકા તથા ધોરણ ૧ અને ૨ વિદ્યાર્થીઓ માટે ઉમરવર્ષ ૩ થી ૮ વર્ષના વિદ્યાર્થી માટે

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

ગુજરાતની તમામ સ્કુલોમાં બાલવાટિકાથી ધોરણ ૧ ૨ સુધી તથા ગુજરાતની તમામ આંગણવાડીમાં ઉપરોક્ત ઇનોવેશન પ્રોજેક્ટની અમલવારી કરી શકાય.

સ્વામિનારાયણ મહાવિદ્યા કેન્દ્ર કોડાઈ (ગુજરાતી માધ્યમમાં આ ઈનોવેશનનો અમલ કરી રહ્યા છે.)

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૩૫

**ઋતુરાજસિંહ વનરાજસિંહ ઝાલા**
**મદદનીશ શિક્ષક**
**શ્રી કે.કે.એમ.એસ.ગર્લ્સ હાઈસ્કૂલ**
**ક્લસ્ટર : અંજાર, તા. અંજાર**
**મો. નં.૯૭૨૫૨૩૦૩૦૯**
E-mail : zalaruturajsinh2017@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# FIND OUT OF AREA BY MAGIC OF SHEET

**વિષય વસ્તુ પેડાગોજી આધારિત - ગણિત**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- વિદ્યાર્થીઓ ગણિતમાં ભૌમિતિક દાખલાઓ સમજી શકતા નથી.
- વિદ્યાર્થીઓને ક્ષેત્રફળ સંબંધિત ખ્યાલો સમજવા કઠીન લાગે છે.
- વિદ્યાર્થીઓને ગણિતમાં ભૂમિતિ જેવા વિષયો ભારરૂપ લાગવા.

**હેતુઓ :**

- ભૌમિતિક આકારોના ખ્યાલની સમજ વિકસાવવી.
- ચોરસ અને વર્તુળ સંબંધિત ક્ષેત્રફળના દાખલાઓ સરળતાથી ગણી શકે.
- ભૂમિતિ પ્રત્યે રસરુચી વધારવી.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

- વિદ્યાર્થીઓની વર્ગ પ્રમાણે નિશ્ચિત સંખ્યાની ટૂકડીઓ બનાવી.
- ટૂકડીઓ વચ્ચે ક્ષેત્રફળનાં સૂત્રોની અંતાક્ષરીનું આયોજન કરી સૂત્રો દૃઢ બનાવ્યાં. ટૂકડીઓએ વિવિધ ચાર્ટ પેપર કટીંગના ભૌમિતિક આકારોના મોડેલનું નિર્માણ કર્યું અને જેનો ઉપયોગ જે-તે એકમ શીખવતી વખતે તાસની શરૂઆતમાં પ્રવૃત્તિ દ્વારા મોડેલને સમજીને વર્ગકાર્ય કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે ક્ષેત્રફળ સંબંધિત દાખલાઓની કસોટી લેવામાં આવી.
- શાળાઓમાં અલગ અલગ વિદ્યાર્થીઓની ટીમો બનાવી ભૌમિતિક આકારોના ક્ષેત્રફળ માપનની સ્પર્ધાનું આયોજન કર્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

| વર્ષ | કુલ સંખ્યા | નવતર પ્રયોગની શરૂઆતની સ્થિતિએ વિદ્યાર્થીઓની સ્થિતિ (સંખ્યા અને ટકાવારી) | નવતર પ્રયોગની અમલવારી પછીની સ્થિતિએ વિદ્યાર્થીઓની સ્થિતિ (સંખ્યા અને ટકાવારી) |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૨૦ | ૨૧૦ ૬૫% | ૨૯૦ ૯૦% |
| ૨૦૨૨-૨૩ | ૨૯૦ | ૨૦૦ ૬૮% | ૨૭૫ ૯૪% |

- ➡ વિદ્યાર્થીઓ ભૌમિતિક આકારોના ક્ષેત્રફળ સમજી પત્યક્ષ આકારો જોઇને શીખી શકતા થયા.
- ➡ વિદ્યાર્થીઓ ભૌમિતિક આકારોના ક્ષેત્રફળ સમજી પત્યક્ષ આકારો જોઇને શીખી શકતા થયા.
- ➡ વદ્યાર્થીઓ વિચાર કરવાની અને તર્ક શક્તિનો વિકાસ થયો.
- ➡ વિદ્યાર્થીઓને ભૌમિતિક મૉડેલોથી શિક્ષણ સાતત્યપૂર્ણ અને રસપ્રદ બન્યું.
- ➡ વિદ્યાર્થીઓ ભૌમિતિક મૉડેલોના ઉપયોગ કરી એકાગ્ર બની શિક્ષણ મેળવતા થયા.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- ➡ જે શાળામાં ગણિત વિષયમાં ભૌમિતિક ક્ષેત્રફળની કચાશ જણાય ત્યાં આ પ્રયોગ ઉપયોગી છે.
- ➡ ધોરણ-૯ અને ૧૦માં ભૌમિતિક પ્રકરણમાં આ પ્રકારનું શિક્ષણ કાર્ય ઉપયોગી છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

- ➡ આ નવતર પ્રયોગનું અમલીકરણ અમારી SVS ની  બે શાળાઓમાં પ્રાયોગિક ધોરણે અમલીકરણ કરવામાં આવેલ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૩૬

**ડૉ. બ્રિજરાજ રાવલ**
**શિક્ષણ સહાયક**
**સારસ્વતમ સંચાલિત શ્રી પ્રેમસુબોધ નવનીત હાઇસ્કુલ, કોડાય**
**ક્લસ્ટર : તલવાણા, તા. માંડવી**
**મો. નં. ૭૬૨૨૮૭૦૦૦૧**
E-mail : brijrajraval@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# Teaching Active Passive Voice through Games

**શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ**

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

ધોરણ ૧૧ના ૪૦ વિદ્યાર્થીઓને એક્ટિવ પેસિવ વોઇસ સમજવામાં, કાળ ઓળખવામાં તેમજ વાક્યોને રૂપાંતર કરવામાં સમસ્યા જણાઈ.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓ સ્પષ્ટ રીતે Active Passive Voice સમજે તેમજ રોજિંદી ભાષામાં તેનો ઉપયોગ શીખે.
- Tenses (કાળ)ની ઓળખ તથા વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખે.
- લાગુ પડતા કાળ સમજે તેમજ તેની રોજીંદી ભાષામા ઉપયોગ શીખે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

સૌપ્રથમ વિદ્યાર્થીઓને એક્ટિવ પેસિવ વોઇસના વાક્યોની ઉપયોગીતા તેમજ વાક્યરચના સમજાવ્યા બાદ બે ગ્રૂપ (ગ્રૂપ A અને ગ્રૂપ B) બનાવી બન્ને ગ્રૂપમાં એક્ટિવ અથવા પેસિવ વોઇસના વાક્ય રચનાના કાડ્ર્સની વહેચણી બાદ

વિદ્યાર્થીઓ ક્રમશઃ વિદ્યાર્થીને પોતાના હાથમાં રહેલા એક્ટિવ કાર્ડ પર રહેલા કાળ ની વાક્યરચના બોલી ને સામે રહેલા એક્ટિવ પેસિવ બોક્સ પરની લાગુ પડતા કાળની દોરી પકડશે, બીજા પક્ષનો એટલે કે ગૃપ B નો વિદ્યાર્થી Active સામે Passive ના પોતાના લાગુ પડતા બોક્સની બીજી તરફની પોતાની પેસિવ વોઇસ દોરી ખેચે છે. જો બન્ને દોરીઓ સરખી હશે તો બન્ને ગૃપો ને પોઇન્ટ મળસે, અને ત્યાર બાદ ગૃપ B આજ પ્રક્રિયા ગૃપ A સાથે અજમાવી રમત આગળ વધારે છે. આ એક્ટિવ પેસિવ બોક્સમાં એક જ ખોખામા બન્ને તરફ અલગ અલગ Voice દર્શાવવામા આવેલા હોય છે જેના દોરી વડે સંપર્કો જોડેલ હોય છે, વિદ્યાર્થીઓ આ સંપર્કોના યોગ્ય જોડકા જોડી ને Active Passive Voice ની વાક્ય રચના શીખે છે.

**મૈત્રી ચાર્ટ :**

વિદ્યાર્થીઓને આપવામા આવેલા Active Voice ની માત્ર વાક્ય રચના (Structure) ધરાવતા Active Voice ના કાર્ડને સમજી અને બીજી તરફ આપેલી જગ્યાઓમાં વિદ્યાર્થી પોતાને મનગમતા Subject, Verb અને Object Passive Voice ની **મૈત્રી કરાવી** વાક્ય રચના બનાવે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ પ્રયોગનું મૂલ્યાંકન વર્કશીટ દ્વારા કરાયું હતું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

આ પ્રયોગ શરૂ કર્યા પહેલા ધોરણ ૧૧ ના ૪૦ માંથી ૧૨ વિદ્યાર્થીઓ જ ૮૦% ઉપર પરિણામ આપી શક્યા હતા, પણ જ્યારે આ પ્રયોગ દ્વારા શીખવવામાં આવ્યું ત્યારે ૪૦ માંથી ૩૪ વિદ્યાર્થીઓ ૮૫% થી વધુ પરિણામ લાવ્યા હતા.

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

- આ નવતર પ્રયોગ અને ઉપરોક્ત નિયમો દ્વારા Direct Indirect Sentences તેમજ અંગ્રેજી ગ્રામર તેમજ ગુજરાતી ભાષા વ્યાકરણના અનેક મુદ્દાઓ શિખવી શકાય છે.
- આ પ્રયોગ ધોરણ ૯ થી ૧૨ માં રાજ્યની દરેક શાળામાં ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતરનો પ્રયોગ : સરકારી માધ્યમિક શાળા, ગામ તાલવાના તા. માંડવી જિલ્લો ભુજ (કચ્છ)
સરકારી માધ્યમિક શાળા, ગામ સીમાણી, તા. જિલ્લો પોરબંદર
આ નવતર પ્રયોગ ગુજરાત રાજ્યની અન્ય કોઈપણ શાળામાં સહેલાયથી થઈ શકે તેમ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



**રમીલાબેન બાલુભાઈ મહિડા**
**મદદનીશ શિક્ષક**
**શ્રી જખૌ પં.પ્રાથમિક કન્યા શાળા**
**કલસ્ટર : સી.આર.સી. જખૌ, તા. અબડાસા**
**મો. નં. ૭૨૦૨૯૪૫૭૭૯**
E-mail : Mahidaramila411@gmail.com

**૩૭**

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# જાત અનુભવ દ્વારા શિક્ષણ

## સહ-અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ડિસેમ્બર ૨૦૨૨ થી

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- ભાષાના પાઠો પ્રત્યે જોવા મળતી નીરસતા.
- વ્યાકરણની સમજમાં પડતી મશ્કેલીઓ.

**હેતુઓ :**

- વિદ્યાર્થીઓને જીવંત અનુભવ દ્વારા શિક્ષણ આપવું.
- વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય.
- વિદ્યાર્થીઓનાં વાંચન અને લેખનમાં સુધારો થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

ભાષાનાં પાઠ્યક્રમ પ્રમાણે આવતાં ચિત્રો, સંકલ્પનાઓ, ભાષાસજ્જતા, વ્યાકરણનાં મુદ્દાઓની તારવણી કરવામાં આવી. ત્યારબાદ તારવેલ મુદ્દા પ્રમાણે વિવિધ ચિત્રો અને રમકડાં તૈયાર કરવામાં આવ્યાં. ત્યારબાદ ધોરણ ૬ થી ૮ માં વિદ્યાર્થીઓને તાસ પ્રમાણે ઉપરોક્ત પદ્ધતિનો અમલ કરાવવામાં આવ્યો. ત્યારબાદ મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ રીતે ભાષા વ્યાકરણ સિદ્ધિ માટે કાર્ય કરવામાં આવ્યું.


શાળામાં ગુજરાતી ભાષા માટે શબ્દકોશ ક્રમ, વર્ણોનાં ઉચ્ચાર સ્થાન, સંજ્ઞાઓ હિન્દી ભાષા માટે સમાનાર્થી શબ્દો, શબ્દો માટેની લૂડો રમત, અંગ્રેજીમાં સમાનાર્થી શબ્દો અને વિરુદ્ધાર્થી શબ્દોની રમત માટેનાં ટી.એલ.એમ. બનાવડાવ્યાં. ચાર્ટ પેપરથી સંસ્કૃત ભાષા માટે મારો પરિચય, સેવકવર્ગ, આકારાન્ત સ્ત્રીલિંગ પુલિંગનાં રૂપો માટેની રમતો બનાવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

લેખિત, મૌખિક તેમજ પ્રાયોગિક મૂલ્યાંકનો દ્વારા સતત મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ :**

ધોરણ ૬ થી ૮ નાં તમામ વિદ્યાર્થીઓની ભાષા કસોટી લેવામાં આવી. જેનો માસવાર પ્રોગ્રેસ રિપોર્ટ નીચે મુજબ છે.




**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

દરેક એકમને અનુરુપ અનુભવ શિક્ષણથી વિદ્યાર્થીઓ ઝડપથી શીખી શકે છે. એકમને અનુરુપ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવામાં ઉપયોગી થાય છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ રાજ્યની કોઇપણ શાળામાં લાગુ કરી શકાય.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૩૮


**વિરલભાઈ રમણીકલાલ પાદરાઈ**
મદદનીશ શિક્ષક
શ્રી મીઠા પસવારીયા પ્રાથમિક શાળા
ક્લસ્ટર : લાખાપર, તા. અંજાર
મો. નં. ૯૯૭૯૩૩૧૩૨૬
E-mail : viralpadrai@gmail.com


**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# કવિતા હોઠથી વાગી

## વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** સપ્ટેમ્બર ૨૦૧૨

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

- ➡ બાળકો કવિતાનો રસાસ્વાદ માણતાં નથી.
- ➡ બાળકોને કવિતા યાદ રહેતી નથી.
- ➡ બાળકો કવિતાઓ રાગમાં ગાતાં નથી.

**હેતુઓ :**

- ➡ બાળકો કવિતાઓને રાગમાં ગાન કરી કવિતાનો રસાસ્વાદ માણી શકે.
- ➡ કવિતાઓ યાદ રાખી શકે.
- ➡ સંગીતના માધ્યમથી તેમની સંગીત પ્રત્યેની અભિરુચિ કેળવાય.
- ➡ દરેક શાળા સુધી આ KARAOKE સાહિત્ય પહોંચે અને દરેક વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરે.
- ➡ બાળકો ઘરે જાતે અભ્યાસ કરે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

કવિતાઓને સંગીત સાથે જોડી અને કવિતાના શબ્દો તેમાં મૂકી કવિતાનું KARAOKE સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું. તેનું વર્ગખંડમાં નિદર્શન કરવામાં આવ્યું. સાથી શિક્ષક મિત્રોને આ નવતર પ્રયોગની વાત કરી અને મેં એમને પણ ધોરણ ૧ થી ધોરણ ૮ ની ગુજરાતી અને હિન્દી વિષયની બધી જ કવિતાઓ અને સાથે પ્રાર્થના સંમેલનમાં ઉપયોગી એવી પ્રાર્થના, ધૂન, બાળગીતના ૩૦૦ થી વધુ KARAOKE સાહિત્ય તૈયાર કરીને આપ્યા. ત્યાર બાદ Viral Padrai નામની youtube ચેનલ પર આ વીડિયો અપલોડ કર્યા અને અન્ય શાળાઓ સુધી આ સાહિત્ય પહોંચાડવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

| ક્રમ | | પૂર્વેની સ્થિતિ | | | | પછીની સ્થિતિ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | | હિન્દી | | ગુજરાતી | | હિન્દી | |
| | | ગાતા | યાદ | ગાતા | યાદ | ગાતા | યાદ | ગાતા | યાદ |
| ૧ | કવિતાનો રસાસ્વાદ | ૧૦% | ૧૦% | ૧૦% | ૧૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |
| ૨ | ધોરણ ૧ થી ૫ | ૨૦% | ૧૦% | ૧૫% | ૧૦% | ૭૦% | ૬૫% | ૭૦% | ૬૫% |
| ૩ | ધોરણ ૬ થી ૮ | ૨૦% | ૧૫% | ૨૦% | ૧૫% | ૮૫% | ૮૦% | ૮૫% | ૮૦% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

➡ જે લોકોએ સંગીતની કોઈપણ પ્રકારની તાલીમ ન લીધેલ હોય પરંતુ થોડું શીખવા માંગતા હોય અને સંગીત વિશે જાણીને ગાવા, વગાડવા માંગતા હોય એમના માટે આ એક રેડીરેકનર સાબિત શકે છે.

➡ આ નવતર પ્રયોગ સમગ્ર રાજ્યની દરેક શાળાઓ માટે ઉપયોગી થઈ શકે તેમ છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આસપાસની શાળા, અંજાર તાલુકાની શાળાઓ, કચ્છ જિલ્લાની અને રાજયની અનેક શાળાઓનો સારો પ્રતિભાવ મળેલ છે. લાખો લોકોએ તેનો અભ્યાસ કર્યો છે. તેમજ આ નવતર પ્રયોગ સમગ્ર રાજ્યની દરેક શાળાઓમાં વિસ્તારી શકાય તેમ છે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**



૩૯

**ડૉ. કેશુભાઈ બી. મોરસાણીયા**
**અધ્યાપક**
**શેઠ શ્રી એલ.એન.ડી.એલ.એડ કોલેજ**
**તા. મુંદ્રા, જિ. કચ્છ.**
**મો. નં. ૯૪૨૮૨૯૪૩૧૧**
E-mail : kbmorsaniya@gmail.com
**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત**

# ગણિત શિક્ષણમાં નૈતિક આધ્યાત્મિક મૂલ્યોનું સમાયોજન

## અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ

**નવતરપ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ઓગષ્ટ ૨૦૨૨

**સમસ્યા ઉદ્દભવવાનાં કારણો :**

અત્યાધિક સર્જનશીલતાથી ભરેલા વિદ્યાર્થીઓને ગણિત જેવો મહત્વનો વિષય શુષ્ક, અઘરો અને બોરીંગ લાગે છે. ગણિત વિષયને ભારતીય જીવનદર્શન સાથે અનુબંધ બાંધીને તેને રસપ્રદ કરી શકાય? આ વિચાર સમસ્યાથી આ સર્જનનો ઉદભવ થયો.

**હેતુઓ :**

ત્રિવિધ હેતુઓ નીચે મુજબ છે.

- ગણિત શિક્ષણને રસપ્રદ અને જીવન ઉપયોગી બનાવવું.
- ગણિત શિક્ષણને ભારતીય જીવનમૂલ્યો સાથે જોડવું.
- ભારતીય ગણિતશાસ્ત્રનું મહત્વ સમજાવવું.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન (અમલીકરણ વ્યૂહરચના) :**

પ્રયોગ પૂર્વે યંત્રવત રીતે ગણિત શિક્ષણ આપીને તેની અસરો જોવામાં આવી હતી. ત્યારબાદ ગાણિતિક મૂળભૂત ક્રિયાઓ, સંકલ્પનાઓ, હકીકતો અને સિદ્ધાંતો તે જીવનવ્યવહાર સાથે જોડીને ચાર્ટ, ચિત્રો, મૉડેલ, રમતો દ્વારા સમજ આપવામાં આવી હતી. દા. ત. * નીત્યસમ - + = - અર્થાત ન કરવા જેવા કાર્યો (-) ચોરી, ક્રોધ, આળસ ન કરવાં જોઈએ (-) અને જો કરીએ (+) તો પરિણામ (-) નેગેટીવ આવે, જે સ્વયં, સમાજ અને રાષ્ટ્ર માટે નુકસાન કર્તા છે. * ૧/૨ + ૧/૨ = ૧ અધુરાશો સ્વીકારી પૂર્ણ બનો. * ૧ + ૧ = ૨, ૧૧ = ૧૧ સામે નહિ સાથે રાખવાથી કિંમત વધશે અને ટીમ બનશે. * કોણ(ખૂણો)થી જીવન જીવવાનો દષ્ટિકોણ બદલો. * ગણિતની ફિબોનિક શ્રેણીને કારણો કુદરતમાં સૌંદર્ય જોવા મળે છે તે જાણો અને માણો. * બીજાની લીટી ભૂસ્યા વિના તમારી લીટી મોટી કરી મદદરૂપ થવાનું મેથેમેટિક્સ શીખો. * પૃથ્વીથી સૂર્યનું અંતર અને સૂર્યના વ્યાસનો ગુણોત્તર ૧૦૮ આવે છે તેવું જ ચંદ્રનું. સૂર્ય (આત્મા) અને ચંદ્ર (મન) બંનેના એકત્વ માટે ૧૦૮ માળા જાપ કરવાથી આનંદની અનુભૂતિ થાય છે. * પરિવાર નામના વર્તુળના કેન્દ્રમાં બાળક છે. તેની સાથે સમાન અને સન્માનપૂર્વકનો વ્યવહાર રાખવાનું શીખો અને શીખવાડો કેટલા રે કેટલા રમત દ્વારા સહજીવન અને સહકારના મૂલ્યનું નિરૂપણ કર્યુ વગેરે. પ્રયોગને અંતે વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક, ક્રિયાત્મક અને ભાવનાત્મક મૂલ્યોની અસરકારકતા ચકાસવામાં આવી હતી.


**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

શૈક્ષણિક પ્રયોગ પૂર્વે અને પછીથી અવલોકન, અનુમાન અને અભિવ્યક્તિ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામઃ**

પ્રયોગ પૂર્વે

પ્રતિચાર




| જ્ઞાનાત્મક મૂલ્યો | ક્રિયાત્મક મૂલ્યો | ભાવનાત્મક મૂલ્યો |
|---|---|---|
| ૩૦% | ૩૨% | ૨૫% |

| પ્રયોગ પછી | | |
|---|---|---|
| જ્ઞાનાત્મક મૂલ્યો | ક્રિયાત્મક મૂલ્યો | ભાવનાત્મક મૂલ્યો |
| ૯૦% | ૮૪% | ૭૪% |

**નવતર પ્રયોગની ઉપયોગિતા :**

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ગણિત ભણતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે આ નવતર પ્રયોગ ગણિતને રસપ્રદ બનાવવા, જીવનની સાર્થકતા સમજવા અને ગણિતને જીવન સાથે જોડવા ખૂબ ઉપયોગી છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ તાલીમાર્થીઓ તેમની ઇન્ટર્નશીપ દરમ્યાન તેમની શાળાઓમાં સદજ રીતે ક્રિયાન્વિત કર્યો હતો અને આ પ્રયોગ શાળાકીય ગણિત શિક્ષણ સાથે જોડવામાં આવે તો રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આ પ્રયોગ ઉપયોગમાં લઈ શકે.

**નવતર પ્રયોગ અંગેનો QR કોડ :**

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ : ૨૦૨૨-૨૩

સરકાર પ્રાથમિક શિક્ષણને વધુ અસરકારક અને ગુણવત્તાસભર બનાવવા પ્રયત્નશીલ છે. આજના શિક્ષણ યુગમાં સતત નવીનીકરણ થઈ રહ્યું છે. ઈનોવેશનના આ યુગમાં નવીન વિચારો, પ્રયોગો અને તકનીકી સતત આવ્યા કરે છે. ત્યારે શ્રેષ્ઠ શિક્ષણ પ્રણાલીમાં પણ સમસ્યાઓ ઉદ્દભવે છે. આ સમસ્યાઓ વૈવિધ્યસભર અને ખૂબ જ અલગ હોઈ શકે છે. પરંતુ મોટાભાગની સમસ્યાઓના સમાધાનનો ઉકેલ નવી વિચારસરણીમાં હોય છે. સમસ્યાના ઉકેલ માટે નવીન વિચારવું એટલે ઈનોવેશન.

ગુજરાતની સરકારી શાળાઓમાં સર્જનાત્મકતા અને શિક્ષણમાં નવીનતા લાવવા માટે ગુજરાત શૈક્ષિણક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર (GCERT) દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવીન કાર્યને પ્રોત્સાહિત કરવા વિશેષ પ્રયત્નો કરવામાં આવેલ છે. GCERT દ્વારા અત્યાર સુધી થયેલ તમામ પ્રયત્નોને એકીકૃત કરવા અને આ દિશામાં કરવામાં આવેલ નવતર પ્રયાસો અને પ્રયોગોને એક પ્રણાલીગત માળખામાં મુકવા માટે રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ઈનોવેશન સેલની સ્થાપના કરવામાં આવેલ છે. જેમના પ્રયત્નો થકી જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં શિક્ષકોની નવતર કૃતિને રજૂ કરવામાં આવે છે. હાલમાં ઈનોવેશન અન્વયે GCERTના નેજા હેઠળ સમગ્ર રાજ્યમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની તાલીમ શાખા દ્વારા ઈનોવેશન સેલ અન્વયેની તમામ કામગીરી સંભાળવામાં આવે છે.

**ઈનોવેશન એટલે ....**

- વિદ્યાર્થીઓને અને શિક્ષણકાર્યને પ્રભાવિત કરતી પ્રક્રિયા.
- સમજ, અર્થગ્રહણ અને ઉપચાર કાર્યનો વિચાર.
- પ્રક્રિયાની સરળતા અને પરિણામની સ્પષ્ટતા માટેનો વિચાર.
- સમાજ સાથેનું જોડાણ અને તેના શૈક્ષણિક ઉપયોજન માટેની વિગતો.
- SMC દ્વારા થયેલ કાર્યો અને અસરકારકતા.
- શાળા અને સમુદાય દ્વારા થયેલ કાર્યોની વિગત.
- ગુણવત્તાલક્ષી પરિણામ સુધી પહોંચવા માટેના વિચારો અને સૂચનો.

આ ઉપરાંત શિક્ષણ અને સંસ્થા તેમજ, સરકારને અમલીકરણમાં ઉપયોગી જાણકારી કે તેની નવીનત્તમ વિગતોને ઈનોવેશન તરીકે જોઈ શકાય છે.

**ઈનોવેશનના પ્રકારો :**

કંઈક નવું વિચારવું અને તેનું અમલીકરણ કરી સફળતા મેળવવી એટલે ઈનોવેશન. આ રીતે જોઈએ તો દરેક વિચાર એ ઈનોવેશનમાં સમાવિષ્ટ થાય છે. શૈક્ષણિક ગુણવત્તા સુધારવા તેમજ શિક્ષણ સાથે સંકળાયેલ હોય તેવા ઈનોવેશનને મુખ્ય બે ભાગમાં વહેંચવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**(અ) શાળા અથવા વર્ગખંડમાં થયેલ ઈનોવેશન**

- ઈનોવેશન દ્વારા ભાષા, વિજ્ઞાન અને ટેક્નોલોજી, ગણિત કે અન્ય વિષયમાં લર્નિંગ આઉટકમની ગુણવત્તામાં સુધારો થયો હોય.
- અભ્યાસક્રમમાં આવતા કઠિન બિંદુઓને સરળ રીતે સમજાવવા માટે પ્રયોજેલ નવતર પ્રવૃત્તિ કે રીત.

- શીખવા -શીખવવાં માટે વિકસાવેલી સહાયક સામગ્રી.
- જેના થકી બાળકોની શાળામાં નિયમિત હાજરીમાં સુધારો, સ્વવ્યવસ્થાપનની ક્ષમતામાં વધારો.
- બાળકોના જ્ઞાનની કસોટી અને મૂલ્યાંકન માટે વિકસાવેલી નવતર પ્રવૃત્તિ.
- જેના થકી બાળકોના ભણતરની દેખરેખમાં વાલીઓનો સમાવેશ થયો હોય.
- જે બાળકોની સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં સહાયરૂપ થતું હોય.
- અધ્યાપન સામગ્રી કે વિચારના સંદર્ભમાં નવતર વિચારેલ હોય, અમલીકરણ દ્વારા પરિણામ મળ્યું હોય તો તેવી વિગતો.

**(બ) શાળા બાહરના અથવા સહાયરૂપ / સમુદાય સાથેના ઈનોવેશન**

- જે બાળકો -ખાસ કરીને કિશોરીઓ અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોના નામાંકન અને સ્થાયીકરણની પ્રક્રિયામાં સહાયરૂપ/મદદકર્તા હોય.
- જેનાથી શાળા સમુદાયના સંબધો સુદ્રઢ બન્યા હોય કે શાળાની અન્ય કાર્યો-પ્રવૃતિઓમાં મદદરૂપ થયું હોય.
- જેના થકી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના લક્ષ્યો/ હેતુઓને પ્રાપ્ત કરવામાં મદદ મળતી હોય.
- કન્યા કેળવણી માટે થયેલ ઈનોવેશન આધારિત કર્યો, આયોજનો, સંકુલ વિકાસ કે ભૌતિક સંદર્ભમાં થયેલ કાર્યો માટેના નવતર આયોજનો.
- અંતરિયાળ વિસ્તાર કે પ્રદેશમાં થયેલ વિશેષ પ્રયત્નો.
- મહિલાઓ દ્વારા અમલી બનાવેલ વિચારો અને પરિણામ પ્રાપ્તિ અર્થે થયેલ કાર્યો.

**ઈનોવેશનની રજૂઆત કરવા માટેની વિગત :**

- અનુભવેલી સમસ્યા કે જરૂરિયાત સ્પષ્ટ હોવી જોઈએ.
- સમસ્યાને હલ કરવા માટેના પ્રયત્નો અને અમલીકરણની વિગત સ્પષ્ટ લખાયેલા હોવા જોઈએ.
- શીખવા-શીખવવાની ગુણવત્તા,મૂલ્યાંકન અને પરિણામની વિગતો અને આધારો સ્પષ્ટ હોવા જોઈએ.
- પ્રયોગ કે વિચારની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં કરેલ ફેરફારની વિગત.
- આ વિચાર અન્ય કોઈએ અમલ કર્યો હોય તો તેની વિગતો સાથેની માહિતી હોવી જોઈએ.


## ઈનોવેશન સેલ

**ડૉ. બિન્દુ આર. પટેલ**

લેકચરર

IFIC (તાલીમ) શાખા

**મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ.**

મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ, એસ.ટી. સ્ટેશન સામે,ભુજ-કચ્છ.

ફોન : ૦૨૮૩૨-૨૨૧૪૯૪ / ૨૫૨૬૦૪ E-mail : dietbhuj@gmail.com


**જરૂરિયાત દરેક શોધની જનની છે.**

Shreeji Offset, Bhuj • 22600